dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 158 | AD - 2026, Fagan Vad - 12 | Monday, Dt. 16-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કામાં ૧૫૨ બેઠકો પર ૨૩ એપ્રિલે અને બીજા તબક્કામાં ૧૪૨ બેઠકો પર ૨૯ એપ્રિલે મતદાન**

## પાંચ રાજ્યોમાં ચૂંટણીનો મહાકુંભ: પશ્ચિમ બંગાળમાં બે તબક્કે અને અન્ય રાજ્યોમાં એક તબક્કામાં યોજાશે મતદાન

નવી દિલ્હી, તા. ૧૫

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે આજે એક મહત્વપૂર્ણ પત્રકાર પરિષદમાં દેશના પાંચ રાજ્યોમાં યોજાનારી આગામી વિધાનસભા ચૂંટણીઓના સત્તાવાર કાર્યક્રમની જાહેરાત કરી છે. આ જાહેરાતની સાથે જ પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં તાત્કાલિક અસરથી આદર્શ ચૂંટણી આચારસંહિતા લાગુ કરી દેવામાં આવી છે. આ પાંચ રાજ્યોની કુલ ૮૨૪ બેઠકો પર ધારાસભ્યોને ચૂંટવા માટે ભારતનું ચૂંટણી પંચ સજ્જ છે.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે, ભૌગોલિક અને સુરક્ષાની દ્રષ્ટિએ રાજ્યોમાં અલગ-અલગ તબક્કે મતદાન યોજાશે. જેમાં આસામ, કેરળ અને પુડુચેરી એમ ત્રણેય રાજ્યોમાં ૯ એપ્રિલના રોજ એક જ તબક્કામાં મતદાન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. તમિલનાડુમાં ૨૩ એપ્રિલના રોજ તમામ બેઠકો પર એકસાથે મતદાન થશે. પશ્ચિમ બંગાળમાં રાજ્યની સંવેદનશીલતા અને બેઠકોની સંખ્યાને ધ્યાનમાં રાખીને અહીં બે તબક્કામાં મતદાનનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં ૧૫૨ બેઠકો પર ૨૩ એપ્રિલે અને બીજા તબક્કામાં ૧૪૨ બેઠકો પર ૨૯ એપ્રિલે મતદાન થશે. તમામ રાજ્યો માટે મતગણતરીની તારીખ ૪ મે, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. ચૂંટણીને નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવા માટે પંચે લોજિસ્ટિક્સનું વિશાળ માળખું તૈયાર કર્યું છે સમગ્ર પ્રક્રિયામાં કુલ ૨૫ લાખ કર્મચારીઓ સેવા આપશે, જેમાંથી ૧.૫ મિલિયન કર્મચારીઓ સીધા મતદાન મથકોનું




નિરીક્ષણ કરશે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૮.૫ લાખ સુરક્ષા જવાનો તૈનાત રહેશે. ૪૯,૦૦૦ માઈક્રો ઓબ્ઝર્વર અને ૧,૪૪૪ જનરલ ઓબ્ઝર્વર સમગ્ર પ્રક્રિયા પર નજર રાખશે. પાંચ રાજ્યોમાં કુલ ૨.૧૯ લાખ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવશે, જ્યાં ૧૭૪ મિલિયન મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.


મતદારોની સુવિધા માટે પંચે 'ECNET' (ઈસીનેટ) એપ લોન્ચ કરી છે. આ એપ દ્વારા મતદારો પોતાના ઉમેદવારનો ડેટા, બૂથની માહિતી અને અન્ય મહત્વની વિગતો મેળવી શકશે. મુખ્ય ચૂંટણી કમિશનરે 'ક્લીન વોટર લિસ્ટ' (સ્વચ્છ મતદાર યાદી) પર ભાર મૂકતા જણાવ્યું કે, બંધારણના અનુચ્છેદ ૩૨૬ હેઠળ સંપૂર્ણ યાદી સુધારણા કરવામાં આવી છે જેથી કોઈ પણ લાયક નાગરિક મતાધિકારથી વંચિત ન રહે.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ મા ૨૯૪ બેઠકો માટે બે તબક્કાનું સમયપત્રક રજુ કરવામાં આવ્યા છે. જેમાં ગેઝેટ નોટિફિકેશન, ૩૦ માર્ચ (પ્રથમ તબક્કો) અને ૨ એપ્રિલ (બીજો તબક્કો), નામાંકન ભરવાની અંતિમ તા. ૬ એપ્રિલ અને ૯ એપ્રિલ, ચકાસણી અને ફોર્મ પરત ખેંચવા તા. ૧૩ એપ્રિલ સુધીમાં પ્રક્રિયા પૂર્ણ થશે. મતદાન તા. ૨૩ અને ૨૯ એપ્રિલ. પરિણામ તા. ૪ મે, ૨૦૨૬. ચૂંટણી પંચે એ પણ સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ ઉમેદવારને પરિણામમાં શંકા હોય, તો તે ૭ દિવસની અંદર EVM ની બર્ન મેમરી (૫%) ની તપાસ માટે વિનંતી કરી શકે છે.ગત ૨૦૨૧ની ચૂંટણીમાં પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસે (TMC) ૨૧૩ બેઠકો મેળવીને પ્રચંડ વિજય હાંસલ કર્યો હતો. ભાજપ ૭૭ બેઠકો સાથે મુખ્ય વિપક્ષ બન્યો હતો, જ્યારે ડાબેરી મોરચો અને કોંગ્રેસના ખાતામાં એક પણ બેઠક આવી નહોતી. ૨૦૨૧માં ચૂંટણી કોવિડને કારણે ૮ તબક્કામાં હતી, જે આ વખતે ઘટાડીને માત્ર ૨ તબક્કાની કરવામાં આવી છે.

## નેતન્યાહૂના મોતના સમાચાર માત્ર અફવા: વડાપ્રધાને રેસ્ટોરન્ટમાં કોફી પીતો વીડિયો શેર કર્યો

**AI અથવા 'ડીપફેક' વીડિયો ગણાવી તેમના મોતના સમાચાર વાયરલ થયા હતા**

તેલ અવીવ,તા. ૧૫



ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના મૃત્યુની ચાલી રહેલી અફવાઓ વચ્ચે તેમણે પોતે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને વળતો જવાબ આપ્યો છે. આ વીડિયોમાં નેતન્યાહૂ એક રેસ્ટોરન્ટમાં આરામથી કોફી પીતા જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ૧૩ માર્ચના રોજ તેમના એક વીડિયો સંદેશમાં જમણા હાથમાં છ આંગળીઓ દેખાતી હોવાના દાવા સાથે સોશિયલ મીડિયા પર તેને AI અથવા 'ડીપફેક' વીડિયો ગણાવી તેમના મોતના સમાચાર વાયરલ થયા હતા. અફવા એવી પણ હતી કે ઈરાનના હુમલામાં તેમનું મોત થયું છે, પરંતુ ઈઝરાયલી પીએમઓએ સ્પષ્ટતા કરી છે કે તેઓ સંપૂર્ણ સુરક્ષિત છે.બીજી તરફ, અમેરિકાના ઉર્જા મંત્રી ક્રિસ રાઈટે આશા વ્યક્ત કરી છે કે ઈરાન સાથે ચાલી રહેલો સંઘર્ષ આગામી થોડા અઠવાડિયામાં સમાપ્ત થઈ શકે છે. તેમણે જણાવ્યું હતું કે યુદ્ધ વિરામ બાદ ઉર્જા પુરવઠો વધશે, જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ અને ગેસની કિંમતોમાં પણ ઘટાડો જોવા મળી શકે છે. હાલમાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના તણાવ પર સમગ્ર વિશ્વની નજર ટકેલી છે.

## વૈશ્વિક ગેસ કટોકટી વચ્ચે ભારતની સ્થિતિ પડોશી દેશો કરતા વધુ સુરક્ષિત: કેન્દ્રીય મંત્રી શેખાવત

નવી દિલ્હી, તા. ૧૫

કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે દેશમાં પેટ્રોલિયમ અને ગેસ પુરવઠા અંગે વિપક્ષ દ્વારા કરવામાં આવી રહેલા પ્રચારો પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ભારતમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની કોઈ કટોકટી નથી. મંત્રીએ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, વિપક્ષ એક પાયાવિહોણા મુદ્દાને અતિશયોક્તિભરી રીતે રજૂ કરીને જનતામાં ભ્રમ અને ગભરાટ ફેલાવવાનો બેજવાબદાર પ્રયાસ કરી રહ્યો છે.

શેખાવતે સ્વીકાર્યું હતું કે મધ્ય



પૂર્વમાં ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવને કારણે વૈશ્વિક સ્તરે ઊર્જા પુરવઠામાં પડકારો ઊભા થયા છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે આ સ્થિતિને અત્યંત કુશળતાપૂર્વક નિયંત્રિત કરી છે. તેમણે પડોશી દેશોની સરખામણી કરતા જણાવ્યું કે, પાકિસ્તાન હાલ ગંભીર ઉર્જા કટોકટીનો સામનો કરી રહ્યું છે અને બાંગ્લાદેશમાં સરકારી કર્મચારીઓને ઘરેથી કામ કરવાની ફરજ પડી રહી છે. બીજી તરફ, અમેરિકા જેવા વિકસિત દેશોમાં પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવમાં જાન્યુઆરીની તુલનાએ માર્ચમાં ૨૨ ટકાનો વધારો થયો છે, જ્યારે ભારતમાં ભાવ સ્થિર રાખવામાં આવ્યા છે. દેશના ૩૩૦ મિલિયન ગેસ ગ્રાહકોને ખાતરી આપતા મંત્રીએ કહ્યું કે સરકારની પ્રથમ પ્રાથમિકતા ઘરેલું ગ્રાહકો છે. બ્લેક માર્કેટિંગ રોકવા માટે બુકિંગ સિસ્ટમ મજબૂત કરવામાં આવી છે અને કાળા બજાર કરનારાઓ સામે કડક કાર્યવાહીના આદેશ અપાયા છે.




**દેશમાં ખાતરની કોઈ અછત નથી**

## ૨૦૨૫ની સરખામણીમાં ડીએપીનો ભંડાર બમણો, સરકારની સ્પષ્ટતા

નવી દિલ્હી,તા.૧૫

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય સંઘર્ષો અને તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ભારત સરકારે દેશના ખેડૂતોને મોટી આશ્વાસન આપતા જણાવ્યું છે કે, ભારતમાં ખાતરની કોઈ અછત નથી. વિદેશ મંત્રાલય અને સંબંધિત વિભાગોએ સ્પષ્ટતા કરી છે કે દેશમાં યુરિયા, ડીએપી અને અન્ય આવશ્યક પોષક તત્વોનો સ્ટોક 'પર્યાપ્ત કરતાં પણ વધુ' ઉપલબ્ધ છે.



વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આંતર-મંત્રીમંડળની મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, ભારતના આંતરરાષ્ટ્રીય ભાગીદારોએ ખાતરના અવિરત પુરવઠાની ખાતરી આપી છે. તેમણે ઉમેર્યું કે, 'આગામી ખરીફ સીઝન માટે ભારત પાસે પૂરતો જથ્થો છે. યુરિયાનો ભંડાર ગયા વર્ષના સમાન સમયગાળા કરતા ઘણો વધારે છે.'

ડીએપી અને એનપીકેની સ્થિતિ સરકારી આંકડાઓ ટાંકીને પ્રવક્તાએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫ ની તુલનામાં ડીએપીનો ભંડાર આ વર્ષે બમણો થયો છે. એનપીકે ખાતરની સ્થિતિ પણ ગત વર્ષ કરતા નોંધપાત્ર રીતે સુધરી છે. તેમણે વિશ્લેષકો અને સોશિયલ મીડિયા પર અધૂરી માહિતી ફેલાવનારા તત્વોને વિનંતી કરી છે કે તેઓ વાસ્તવિક પરિસ્થિતિને સમજે અને ખેડૂતોમાં બિનજરૂરી ગભરાટ ન ફેલાવે. હાલમાં રવી સીઝન તેના અંતિમ ચરણમાં છે, ત્યારે દેશમાં ખાતરનું સ્થાનિક ઉત્પાદન સામાન્ય વપરાશ કરતા પણ વધુ થઈ રહ્યું છે. સરકારે કુદરતી ગેસની ઉપલબ્ધતાનો મહત્તમ ઉપયોગ કરવા માટે પ્લાન્ટ્સના વાર્ષિક જાળવણી કાર્યને નિર્ધારિત સમય કરતાં વહેલું પૂર્ણ કરી લીધું છે. વધુમાં, ખાતર વિભાગે સમયસર આંતરરાષ્ટ્રીય ટેન્ડર બહાર પાડ્યા હતા, જેના પરિણામે માર્ચના અંત સુધીમાં ખાતરનો મોટો જથ્થો ભારત પહોંચવાની ધારણા છે.





## અયોધ્યા: નવરાત્રી દરમિયાન રામલલ્લાના દર્શન અને આરતીના સમયમાં ફેરફાર

અયોધ્યા, તા. ૧૫

ચૈત્ર નવરાત્રી દરમિયાન અયોધ્યામાં ભક્તોના ભારે ધસારાને ધ્યાનમાં રાખીને રામ મંદિર ટ્રસ્ટે દર્શનના સમયમાં ફેરફાર કર્યો છે. ટ્રસ્ટના સચિવ ચંપત રાયે જણાવ્યું કે હવે રામલલ્લાના દર્શન સવારે ૬:૦૦ વાગ્યાથી કરી શકાશે, જ્યારે સવારની શ્રૃંગાર આરતીનો સમય ૫:૩૦ થી ૫:૫૦ સુધીનો રહેશે. નવરાત્રી દરમિયાન કોઈ પણ પ્રકારના વીઆઈપી પાસ આપવામાં આવશે નહીં.



સલામતીના કારણોસર સંકુલમાં મોબાઈલ ફોન અને શસ્ત્રો લઈ જવા પર સખત પ્રતિબંધ છે, જોકે શીખ સમુદાયને મર્યાદિત કદનું 'કિરપાણ' રાખવાની છૂટ અપાઈ છે. ઉપવાસી ભક્તો માટે ફળાહાર અને પીવાના પાણીની વિશેષ વ્યવસ્થા મંદિર પરિસરમાં કરવામાં આવી છે.



## સ્વ.કેસરબેન જીવરાજભાઈ સાવલીયા માનવ સેવા ટ્રસ્ટ સાજીયાવદર દ્વારા વિવિધ સેવા કાર્યો શરૂ કરાયા

# અમરેલીના સાજીયાવદર ગામે કૌશિક વેકરીયાના હસ્તે સેવાકિય કાર્યોનો કરાયો પ્રારંભ

**શાળાએ જતા તમામ બાળકોને મોર્નિંગ કીટનું વિતરણ**

અમરેલી,તા. ૧૫

અમરેલી તાલુકાના સાજીયાવદર પ્રાથમિક શાળા ખાતે રવિવારના રોજ વિવિધ સેવાકિય કાર્યો કરવામાં આવ્યા હતા. સ્વ.કેસરબેન જીવરાજભાઈ સાવલીયા માનવ સેવા ટ્રસ્ટ સાજીયાવદર દ્વારા પ્રાથમિક શાળા ખાતે સવારના ૮ કલાકે આ કાર્યક્રમ યોજાયો હતો જેમાં જેમાં છેલ્લા ૨૦ વર્ષથી આર્થિક સહયોગ આપતા દાતાઓ દ્વારા નિઃશુલ્ક છાશ વિતરણ શરૂ કરવામાં આવ્યું હતુ. આંગણવાડીથી લઈ ધોરણ ૮ સુધીના ૧૨૦





બાળકોનું મોર્નીંગ કિટનું વિતરણ તેમજ વિધવા બહેનોને વિના મૂલ્યે ચપ્પલ વિતરણ કરવામાં આવ્યાં હતાં. એમ.કે. સાવલીયા દ્વારા શબ્દોથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને સાજીયાવર ગામના વિકાસમાં જયા પણ જરૂર પડે ત્યા સહભાગી થવા જણાવ્યું હતું. આ તકે ધારાસભ્ય જે.વી.કાકડીયા, સુરેશભાઈ દેસાઈ, સરપંચ હરેશભાઈ ધાધલે સંસ્થાની સેવાકિય પ્રવૃતિને બિરદાવી હતી. સમગ્ર આયોજનમાં એમ.કે. સાવલીયા અને ટ્રસ્ટ મંડળના પ્રમુખ અને સરપંચ બાબુભાઈ સાવલીયાની ટીમે કામગીરી કરી હતી. આ તકે હરિભાઈ કાબરીયા, ચિરાગભાઈ ગજેરા, સંજયભાઈ વાગડીયા, ગૌતમભાઈ સાવલીયા સહિતના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી તાલુકા પોલીસની સરાહનીય કામગીરી: 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ ગુમ થયેલ બોલેરો શોધી માલિકને પરત કરી

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લામાં મિલ્કત સંબંધી બનાવોમાં ગુમ થયેલ ચીજવસ્તુઓ શોધી તેના મૂળ માલિકને પરત કરવા માટે ચલાવવામાં આવતા 'તેરા તુજકો અર્પણ'કાર્યક્રમ અંતર્ગત અમરેલી તાલુકા પોલીસે પ્રશંસનીય કામગીરી કરી છે. પોલીસે ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી અરજદારનું




ગુમ થયેલ બોલેરો વાહન શોધી કાઢી તેમને પરત સોંપ્યું છે.

ઘટનાની વિગત મુજબ, ધારી તાલુકાના શિવડ ગામના રહેવાસી વિજયભાઈ મનસુખભાઈ બારૈયા પોતાની ૫,૦૦,૦૦૦/- રૂપિયાની કિંમતની બોલેરો પીક-અપ (રજી. નં. GJ-27-U-4701) લઈને અમરેલીના નવા માર્કેટ યાર્ડ ખાતે આવ્યા હતા. ત્યાંથી તેમનું વાહન કોઈ લઈ ગયેલ હોય, તે બાબતે તેમણે અમરેલી તાલુકા પોલીસ મથકે અરજી આપી હતી.

ટેકનિકલ મદદ અને પોલીસ ટીમની મહેનતના પરિણામે ગુમ થયેલ બોલેરો વાહન શોધી કાઢવામાં આવ્યું હતું અને તેના મૂળ માલિક વિજયભાઈ બારૈયાને પરત સોંપવામાં આવ્યું હતું. આ કામગીરી દ્વારા અમરેલી તાલુકા પોલીસે 'તેરા તુજકો અર્પણ' અભિયાનને સફળતાપૂર્વક સાર્થક કર્યું છે.

# લાઠી શહેર ભાજપના કોષાધ્યક્ષનો પુત્ર છેલ્લા બે દિવસથી ગુમ: પરિવારમાં ચિંતાનો માહોલ

લાઠી,તા.૧૫

અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં વેપારી અને ભાજપના અગ્રણીના પુત્ર છેલ્લા બે થી ત્રણ દિવસથી ગુમ થતા પરિવારમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. શહેર ભાજપના કોષાધ્યક્ષ જયેશભાઈ ઠક્કરનો પુત્ર અને શહેર ભાજપ યુવા મોરચાનો



મંત્રી મિલન ઠક્કર છેલ્લા બે દિવસથી ઘરેથી કોઈને પણ કહ્યા વગર નીકળી ગયો છે. યુવાનનો પતો ન લાગતા સમગ્ર લાઠી શહેરમાં આ બાબત ચર્ચાનો વિષય બની છે.

આ ઘટના અંગે સોશિયલ મીડિયામાં પણ મેસેજ વાયરલ કરવામાં આવ્યા છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે ગુમ થયેલ યુવાન અંગે સાચી વિગત આપનારને યોગ્ય વળતર આપવામાં આવશે. યુવાન શા માટે ઘરેથી નીકળી ગયો તે અંગેનું કારણ હજુ સુધી અકબંધ છે. આ મામલે લાઠી પોલીસ મથક ખાતે જાણવા જોગ ફરિયાદ દાખલ કરવામાં આવતા પોલીસે યુવાનની શોધખોળ માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# સાવરકુંડલામાં ભવ્ય 'હિન્દુ સંમેલન' સંપન્નઃ સંતો-મહંતોની પ્રેરક ઉપસ્થિતિમાં રાષ્ટ્રચેતનાનો ગુંજારવ

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલાના દેવળા ગેટ સ્થિત સર્વોદયનગરના મેલડી ચોક ખાતે કાનજીબાપુ વસ્તી દ્વારા 'હિન્દુ સંમેલન'નું અત્યંત ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સનાતન ધર્મના રક્ષણ, સાંસ્કૃતિક મૂલ્યોના સંવર્ધન અને હિન્દુ રાષ્ટ્રની ચેતનાને જાગૃત કરવાના પવિત્ર સંકલ્પ સાથે યોજાયેલા આ




સંમેલનમાં સાવરકુંડલા પંથકની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. આ કાર્યક્રમમાં શહેરના રાજકીય આગેવાનો, વેપારી અગ્રણીઓ અને વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ધારીના મનમંદિર શૈક્ષણિક સંકુલનો વાર્ષિકોત્સવ 'અભ્યુથાન-૨૦૨૬' ભવ્ય રીતે ઉજવાયો

ધારી,તા.૧૫

ધારીની પ્રતિષ્ઠિત સંસ્થા 'શ્રી મનમંદિર શૈક્ષણિક સંકુલ દ્વારા વાર્ષિકોત્સવ 'અભ્યુથાન-૨૦૨૬: આઈ મંગલ બેલા'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મંગલ પ્રારંભ પવિત્ર મંત્રોચ્ચાર બાદ હસુમા, ગોરા બાપુ અને બ્રહ્માકુમારી સંચાલિકા ભારતીબેન જેવા સંતો-મહંતો તેમજ અગ્રણી મહેમાનો રવજીભાઈ કાચા, મનસુખભાઈ ભુવા, ભુપતભાઈ વાળા, એસ.આર. મોરધરા સહિતના મહાનુભાવોના




હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. બાળકોએ 'સ્વાગત હે આપકા' ના મધુર સૂર સાથે મહેમાનોનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

આ મહોત્સવ દરમિયાન 'ધારી રત્ન' સન્માન સમારોહ યોજાયો હતો, જેમાં સમાજ માટે સમર્પિત વ્યક્તિત્વો એવા ૧૦૦૮ મહામંડલેશ્વર સંત સિધ્ધરામદાસ બાપુ, જાણીતા બાળ રોગ નિષ્ણાત ડો. મોહનભાઈ શ્રીમાંકર, સિવિલ હોસ્પિટલના ડો. અમિતકુમાર ડી. રાઠોડ અને સાહિત્યકાર ભાભલુભાઈ ધાધલનું વિશેષ સન્માન કરી સંસ્થાએ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ સાથે જ બાલમંદિર થી ધોરણ ૧૦ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી તખુભાઈ સાંડસૂરએ હાલની શિક્ષણ પ્રણાલી વિશે મનનીય વિચારો રજૂ કર્યા હતા, જ્યારે પ્રોફેસર હર્ષાબેને બાળકોના શિક્ષણ અને ઘડતર વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ અવસરે ધારી તાલુકાના સામાજિક શ્રેષ્ઠીઓ, ડોક્ટરો અને કેળવણીકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના આચાર્ય પી.જી. વ્યાસના માર્ગદર્શન હેઠળ સ્ટાફ મિત્રોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




# અમરેલી રૂરલ પોલીસની મોટી સફળતા: ૧.૫ વર્ષથી નાસતા ફરતા અને આરોપીને ભોગ બનનાર સાથે ઝડપી લીધો

અમરેલી,તા.૧૫

નાસતા-ફરતા આરોપીઓને પકડવામાં અમરેલી રૂરલ પોલીસને મોટી સફળતા મળી છે. છેલ્લા દોઢ વર્ષથી અપહરણના ગુનામાં નાસતા ફરતા અને ઈનામી જાહેર થયેલા આરોપીને ભોગ બનનાર સાથે શોધી કાઢવામાં આવ્યો છે.અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ઓ.કે. જાડેજા અને



તેમની ટીમ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં મળેલી ચોક્કસ બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. આ ટીમ દ્વારા રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના નવી મેંગણી ગામ ખાતેથી આરોપી અજય ઉર્ફે વિજ્યો રામસીંગભાઈ નીનામા (રહે. આબંલીપુરા, જી. ધાર) ને ભોગબનનાર સાથે ઝડપી લેવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે પોલીસ અધિક્ષક દ્વારા તેની ધરપકડ પર ૧૦,૦૦૦/- રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

# બાબરાના ગરણી-થોરખાણ રોડ પરના શક્તિધામ આશ્રમમાં ચૈત્રી નવરાત્રી મહોત્સવ ઉજવાશે

બાબરા,તા.૧૫

બાબરાના ગરણી અને થોરખાણ રોડ ઉપર આવેલ સુપ્રસિધ્ધ શક્તિધામ આશ્રમ ખાતે ચારણ જગદંબા આઈ શ્રી વાલબાઈમાંના સાનિધ્યમાં તા. ૧૯ માર્ચથી ૨૭ માર્ચ સુધી ચૈત્રી નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી થનાર છે. આ મહોત્સવને લઈને આશ્રમ ખાતે તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. નવ દિવસ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહે તેવુ આમંત્રણ છે. મહોત્સવના આયોજન માટે રસોડા વિભાગ, રાસ-ગરબા ગ્રાઉન્ડ, વાહન પાર્કિંગ, ચા-પાણી કાઉન્ટર, સ્ટેજ વિભાગ સહિત કુલ ૧૦ અલગ અલગ વિભાગોમાં સેવકોને જવાબદારીઓ વહેંચવામાં આવી છે. આસપાસના લગભગ ૧૦ થી ૨૦ ગામોના ૫૦૦થી વધુ સ્વયંસેવકો વિવિધ મંડળો દ્વારા સેવા આપશે.

# અમરેલીમાં સિવિલ હોસ્પિટલ સામેથી ૧૫ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૫

અમરેલીમાં સિવિલ હોસ્પિટલ સામેથી એક યુવક પાસેથી૧૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. પોલીસે રૂ. ૩૦૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી શહેરમાંથી ૯ સહિત જિલ્લામાંથી ૧૫ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.112/2026
જન્મ તારીખ : 01/06/1980

શ્રી આદમભાઈ ઈશાકભાઈ સુરૈયા
રહે.મેમણ સોસાયટી, કોડીનાર, ગામ-કોડીનાર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત વડનગર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી આદમભાઈ ઈશાકભાઈ સુરૈયા, રહે.મેમણ સોસાયટી, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી આદમભાઈ ઈશાકભાઈ સુરૈયા તથા જરીનાબેન આદમભાઈ સુરૈયા ના પુત્ર આરિફ આદમભાઈ સુરૈયા નો જન્મ તારીખ.01/06/1980ના રોજ કોડીનાર તાલુકાના વડનગર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૩/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# જાફરાબાદના કાગવદર ખાતે પીએમ કિસાન ઉત્સવ દિવસ અને મિલેટ મેળાનું ભવ્ય આયોજન

જાફરાબાદ,તા.૧૫

જાફરાબાદ તાલુકાના કાગવદર ખાતે પી.એમ. કિસાન ઉત્સવ દિવસ અને મિલેટ મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આસામના ગુવાહાટી ખાતેથી પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના ૨૨મા હપ્તા રૂપે રૂ. ૨૦૦૦ની સહાય ખેડૂતોના ખાતામાં જમા કરી હતી, જે અંતર્ગત આ દિવસને પી.એમ. કિસાન ઉત્સવ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ તાલુકા કક્ષાના કાર્યક્રમમાં કુલદીપભાઈ વરું, અનિરુદ્ધભાઈ વાળા, પૃથ્વીરાજભાઈ સહિત આજુબાજુના ગામોના આગેવાનો અને સરપંચો હાજર રહ્યા હતા. આ સાથે તાલુકા વિકાસ અધિકારી, વિસ્તરણ અધિકારી (ખેતી), ગ્રામસેવક, બાગાયત અધિકારી અને અન્ય વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : બાબુ વાઢેળ

આ કાર્યક્રમમાં આજુબાજુના તમામ ગામોમાંથી ખૂબ મોટી સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપી હતી. ખેડૂતોને મિલેટ પાક અંગે જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે મિલેટ પરિસંવાદ અને પ્રદર્શનનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

# બગસરાની ઐતિહાસિક શાળામાં 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ'નું લોકાર્પણ

બગસરા,તા.૧૫

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૭૯મી પુણ્યતિથિના અવસરે, મોરારિબાપુના આશીર્વાદ અને પાવન નિશ્રામાં બગસરા ખાતે એક ઐતિહાસિક કાર્યક્રમ યોજાઈ ગયો. મેઘાણીજીના વડવાઓના વતન બગસરા સ્થિત PM SHRI રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી શાળા નંબર ૦૧ (મિડલ સ્કૂલ) ખાતે 'મેઘાણી સ્મૃતિ'નું ગરિમાપૂર્ણ રીતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ એ જ ઐતિહાસિક મિડલ સ્કૂલ છે જ્યાં ઝવેરચંદ મેઘાણીએ વર્ષ ૧૯૦૭ થી ૧૯૦૯ દરમિયાન અભ્યાસ કર્યો હતો. ગુજરાત સરકાર પ્રેરિત 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ' અંતર્ગત આ સ્મૃતિ સ્થાન તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લા વિકાસ અધિકારી પી. બી. પંડ્યા તેમજ બગસરા નગરપાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન રીબડીયા સહિતના અધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને 'ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન'ના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ આયોજન જિલ્લા પંચાયત અમરેલી, સમગ્ર શિક્ષા અભિયાન અને PGVCL (રાજકોટ) ના આર્થિક સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. આ સ્મૃતિ સ્થાનના નિર્માણ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીને મેઘાણીજીના સાહિત્યિક પ્રદાન, સ્વાતંત્ર્ય સેનાની તરીકેની તેમની ભૂમિકા અને તેમના બહુમુખી વ્યક્તિત્વથી માહિતગાર કરવાનો છે.


તસવીર : હાર્દીક બામટા

# સાવરકુંડલા કન્યાશાળાની વિદ્યાર્થિનીઓ અમૃત સરોવર અને સ્પોર્ટસ સંકુલની મુલાકાતે

સાવરકુંડલા,તા.૧૫


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાની બ્રાન્ચ શાળા નંબર ૨ કન્યા શાળાની ધોરણ ૫ થી ૮ ની ૧૭૦ બાળાઓને શનિવારના રોજ નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને તેમની સમગ્ર ટીમ દ્વારા અટલ અમૃત સરોવર, સ્પોર્ટ્સ સંકુલની એક્સપોજર વિઝીટ કરાવવામાં આવી હતી. તેમના તરફથી વાહનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને સંકુલ ખાતે નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. વિઝિટમાં સાથે રહેલ તમામ શાળા સ્ટાફ તેમજ આચાર્યએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો અને બાળકો પણ પ્રસન્ન થયા હતા.

# અમરાપરા ગામે સ્વ. ભનુજીભાઈ પઢીયારની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે બટુક ભોજન અને સત્સંગ દ્વારા અર્પાઈ શ્રદ્ધાંજલિ

બાબરા,તા.૧૫

બાબરા તાલુકાના અમરાપરા ગામે સ્વ. ભનુજીભાઈ જીવાજીભાઈ પઢીયારની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે પઢીયાર પરિવાર દ્વારા માનવ સેવા અને ધાર્મિક કાર્યક્રમોનું ભાવભીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના રામનાથ મહાદેવ મંદિરના પવિત્ર પટાંગણમાં માનસિંગભાઈ તથા મુકેશભાઈ પઢીયાર પરિવાર દ્વારા ગામના નાના બાળકોને પ્રેમપૂર્વક બટુક ભોજન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના અનેક લોકોએ ઉપસ્થિત રહી બાળકોને આશીર્વાદ આપ્યા હતા અને સ્વ. ભનુજીભાઈના સ્મરણોને વંદન કર્યા હતા. સેવાકીય પ્રવૃત્તિ બાદ સાંજના સમયે સ્વ. ભનુજીભાઈના નિવાસસ્થાને મહિલા મંડળ દ્વારા ભક્તિમય સત્સંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્સંગમાં મહિલાઓએ ભજન-કીર્તન કરીને સમગ્ર વાતાવરણને આધ્યાત્મિક બનાવ્યું હતું. આ રીતે પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલા બટુક ભોજન અને સત્સંગના કાર્યક્રમોએ શ્રદ્ધા, સેવા અને સમાજપ્રેમનો સુંદર સંદેશ પાઠવ્યો હતો.


તસવીર : વિજય માળી

# સાવરકુંડલામાં સિનિયર ક્લાર્કની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન



સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલા શહેરમાં નૂતન કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓમાં સિનિયર ક્લાર્કની પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. મંડળ સંચાલિત મહિલા કોલેજમાં આજે ૫૫ જેટલા ઉમેદવાર ભાઈ-બહેનો શાંતિપૂર્ણ માહોલમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી રેકોર્ડિંગ સાથે પરીક્ષા આપી હતી, તેમ ટ્રસ્ટી મંડળ અને સંસ્થાના પ્રિન્સિપાલે જણાવ્યું હતું.

## તરવડા ગુરુકુળ ખાતે હરિભક્તો અને વિદ્યાર્થીઓ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઇ



તરવડા ગુરુકુળ ખાતે પ. પૂ. કૃષ્ણપ્રિય દાસજી સ્વામીના સાનિધ્યમાં પીઠવાજાળના હરિભક્તો તથા ગુરુકુળના વિદ્યાર્થીઓ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ હતી. અત્યંત રસાકસીભરી આ મેચમાં ગુરુકુળના વિદ્યાર્થીઓએ છેલ્લા બોલે મેચ જીતી હતી.

# અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ.પ્રભાશંકર બચુભાઈ બોરીસાગર (ઉ.વ.૯૦) નું તા.૧૪/૦૩/૨૦૨૬ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે ભીખાભાઈ પ્રભાશંકરભાઈ બોરીસાગર, ભરતભાઈ પ્રભાશંકર ભાઈ બોરીસાગર અને પ્રવીણભાઈ પ્રભાશંકરભાઈ બોરીસાગરના પિતાશ્રી થાય છે. તેમનું સદગત બેસણુ તા.૧૬/૦૩/૨૦૨૬ને સોમવારના રોજ સાંજના ૪થી ૬ કલાકે રાજગોર બ્રાહ્મણ બોર્ડીંગ દેવડા ગેટ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ગં.સ્વ.પુષ્પાબેન મનસુખલાલ રાઠોડ (ઉ.વ.૭૨) નું તા.૧૦/૦૩/૨૦૨૬ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે સ્વ.પીતાંબરભાઈ રામજીભાઈ પરમારની મોટી દીકરી તથા કિશોરભાઈ પીતાંબરભાઈ પરમારના મોટા બહેન થાય છે. તેમનુ સદગતનુ બેસણુ તા.૧૬/૦૩/૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને ''પ્રભા કૃપા'' ગાંધી ચોક, શેઠ શેરી, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ગં.સ્વ.હીરૂબેન મેપાભાઈ વાઘેલા (ઉ.વ.૯૪)નું તા. ૫/૦૩/૨૦૨૬ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે તે કેશુભા મેપાભાઈ વાઘેલા અને મનુભાઈ મેપાભાઈ વાઘેલાના માતૃશ્રી થાય છે.

તેમનુ સદગતનું બેસણુ તા.૧૬/૦૩/૨૦૨૬ને સોમવારના રોજ સાવરે ૯:૦૦ કલાકે અમારા નિવાસસ્થાન નિર્મળનગર સોસાયટી, હાથસણી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.


શું તમને સાંભળવાની તકલીફ છે ?
ફ્રી બહેરાશની તપાસ સલાહ, માર્ગદર્શન
૩૧ માર્ચ સુધી
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્ક ના આધુનિક મશીન વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાયમી સરનામું
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

TET / TAT / CCE
કોન્સ્ટેબલ / PSI
સ્પોકન ઇંગ્લિશ
નવી બેચમાં પ્રવેશ શરૂ...
માસિક ફી : Rs.1000/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૫૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રફીકભાઈ અબુબકર દોકડિયા
સરનામું :- મુ.ડુંગર તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - માંડળ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી રફીકભાઈ અબુબકર દોકડિયા એ તેમના ભાઈ નામે શ્રી અસ્ફાક અબુબકર દોકડિયા નો જન્મ તા.૨૨/૦૩/૧૯૮૦ ના રોજ રાજુલા તાલુકાના માંડળ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.યુ. તેલી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૨૭/૨૦૨૬ — તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. કાંતિલાલ રણછોડભાઈ વાટલિયા
રહે. જી ૧૦૧, રાધે રેસીડેંસી, ભક્તિનંદન ચોક,
એચ.જી.રોડ, ચોરાસી, સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી ગાધકડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી કાંતિલાલ રણછોડભાઈ વાટલિયાનો જન્મ તા.૨૭/૦૭/૧૯૬૯ ના રોજ મુ.ગાધકડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૬૫/૨૦૨૬ — તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. શૈલેષકુમાર લાલજીભાઈ ખુંટ
રહે. નેસડી તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી નેસડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી શૈલેષકુમાર લાલજીભાઈ ખુંટનો જન્મ તા.૨૯/૦૫/૧૯૭૯ ના રોજ મુ.નેસડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૮૦/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી જુણેજા રોશનબેન રસુલભાઈ
સરનામું :- ઠે.રાજુલા તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - રાજુલા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના રાજુલા મુકામે ના શ્રી જુણેજા રોશનબેન રસુલભાઈ એ તેમના પુત્ર નામે શ્રી ફિરોજભાઈ રસુલભાઈ જુણેજા નો જન્મ તા.૦૧/૦૪/૧૯૮૩ ના રોજ રાજુલા તાલુકાના રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી પી.એસ.રંજોલીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૪૮/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી હારૂનભાઈ અબુબકર દોકડિયા
સરનામું :- મુ.ડુંગર તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ડુંગર, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી હારૂનભાઈ અબુબકર દોકડિયા એ તેમના પુત્રી નામે શ્રી કૌશરબેન હારૂનભાઈ દોકડિયા નો જન્મ તા.૦૬/૧૨/૧૯૯૮ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.યુ.તેલી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# સાવરકુંડલા તાલુકાના થોરડી અને જાબાળ ગામે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે ૧.૪૫ કરોડના કામોનું ખાતમુહૂર્ત



સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલા–લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે સાવરકુંડલા તાલુકાના થોરડી અને જાબાળ ગામમાં કુલ રૂ. ૧.૪૫ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે થોરડી ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નવા ગ્રામ પંચાયત ઘર (સચિવાલય)ના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. જાબાળ, અભરામપરા રોડ પર લીબાળા નદી ઉપર રૂ.૧.૨૦ કરોડના ખર્ચે નવા બ્રિજના નિર્માણ કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે ધારાસભ્યે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં મૂળભૂત સુવિધાઓ મજબૂત બનાવવા માટે સતત કાર્યરત છે અને આગામી સમયમાં પણ વિસ્તારના વિકાસ માટે આવા અનેક કાર્યો હાથ ધરાશે. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, ગામના સરપંચશ્રી, ગ્રામજનો અને વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં સામ-સામે લગ્ન બાદ ડખામાં રિસામણે રહેલી પત્નીઓના વિવાદમાં ભાઈ-બહેનને માર માર્યો

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલામાં ભાઈ-બહેનના સામ-સામે થયેલા લગ્ન બાદ સર્જાયેલા પારિવારિક વિખવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. ગોવિંદપુર ગામે થયેલા આ લગ્ન સંબંધોમાં ખટરાગ પેદા થતા, સમાધાન માટે એકઠા થયેલા પરિવારો વચ્ચે મામલો બિચક્યો હતો અને પાંચ શખ્સોએ ભાઈ-બહેન પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે હાલ સાવરકુંડલાના ફાચરિયા ગામે રહેતી દયાબેન પ્રેમજીભાઈ માધડ (ઉ.વ.૩૧) એ ધારીના ગોવિંદપુર ગામે રહેતા પતિ પ્રફુલભાઈ ભગુભાઈ સોંદરવા, રેણુકાબેન ભગુભાઈ સોંદરવા હિંમતભાઈ સોંદરવા, હિંમતભાઈના પત્ની તથા હિતેષભાઈ જેઠવા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના અને તેના ભાઈ જીતુના લગ્ન ગોવિંદપુર ગામે સામ-સામે કરવામાં આવ્યા હતા. લગ્નના બે-ત્રણ મહિના સુધી બધું બરાબર ચાલ્યું હતું, પરંતુ ત્યારબાદ દંપતીઓ વચ્ચે મનદુઃખ થતા બંને પક્ષે પરિણીતાઓ પોતાના પિયર રિસામણે ચાલી ગઈ હતી. આ મામલે અગાઉ સામ-સામે પોલીસ અરજીઓ પણ કરવામાં આવી હતી. આ વિવાદનો સુખદ અંત લાવવા માટે બંને પક્ષો સાવરકુંડલા ખાતે એકઠા થયા હતા. સમાધાનની પ્રક્રિયા ચાલી રહી હતી તે દરમિયાન વાતાવરણ તંગ બન્યું હતું. ચર્ચા દરમિયાન સમાધાન ન થતા તેની દાઝ રાખીને સામે પક્ષના પાંચ શખ્સોએ ઉશ્કેરાઈ જઈ તેમને અને તેના ભાઈને બેફામ ગાળો ભાંડી હતી. ઉપરાંત ઢીકાપાટુનો માર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી.

# પત્ની સાથેના ઝઘડાથી વ્યથિત પુરુષે ઝેરી દવા પીધી

ખાંભા, તા.૧૫

ખાંભા તાલુકાના ધુંધવાણા ગામે એક પુરુષે ભૂલથી ઝેરી દવા પી લેતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પત્ની સાથેના પારિવારિક વિખવાદને કારણે સુરતથી નીકળી સીધો પોતાના વતનના ખેતરે પહોંચેલા પુરુષ સાથે આ દુર્ઘટના બની હોવાનું સામે આવ્યું હતું. મૂળ ખાંભાના ધુંધવાણા ગામના અને હાલ સુરતના ભાઠા-અમરોલી પાસે રહેલા વિરાભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ (ઉ.વ.૫૦) એ જાહેર કર્યા મુજબ, તેમને છેલ્લા ઘણા સમયથી તેની પત્ની સાથે ઘરકામ કે અન્ય બાબતોને લઈને વારંવાર ઝઘડા થતા હતા. પત્ની સાથેના વિખવાદમાં મનદુઃખ થતા કોઈને પણ કહ્યા વગર સુરતથી પ્રાઈવેટ બસમાં બેસીને પોતાના વતનના ગામ ધુંધવાણા પહોંચ્યો હતો. ગામમાં આવ્યા બાદ પોતાના ખેતરે ગયો હતો અને ઘાસમાં નાખવાની ઝેરી દવા પી લીધી હતી. દવા પીધા બાદ તબિયત લથડતા તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

# સા.કુંડલાના સેવાભાવી યુવાને બિનઝેરી સાપને જીવતદાન આપ્યું

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલાના જાણીતા સેવાકીય કેન્દ્ર લાલધામ આશ્રમમાં એક સાપ જોવા મળતા ત્યાં હાજર લોકોમાં થોડી ગભરામણ ફેલાઈ હતી. જોકે, આ અંગે સાપ રેસ્ક્યુમાં નિષ્ણાત સંજયભાઈ ચોટલીયાને તાત્કાલિક જાણ કરાતા તેઓ ઘટનાસ્થળે ત્વરિત પહોંચી ગયા હતા. સંજયભાઈએ અત્યંત કુશળતા અને સાવધાનીપૂર્વક સાપને પકડી લીધો અને તેને સુરક્ષિત રીતે નજીકના જંગલ વિસ્તારમાં મુક્ત કરીને જીવતદાન આપ્યું. આશ્રમના સંચાલકો તથા ભાવિકોએ તેમની આ નિઃસ્વાર્થ સેવાકાર્યની ભારપૂર્વક પ્રશંસા કરી હતી. આ ઘટનામાં જોવા મળેલો સાપ બ્રોન્ઝબેક ટ્રી સ્નેક, જેને ગુજરાતમાં 'તાંબડ' અથવા 'અધેતિયો' તરીકે ઓળખવામાં આવે છે. આ સાપ સંપૂર્ણપણે બિનઝેરી છે અને માનવ માટે સંપૂર્ણપણે હાનિરહિત છે. તેનું શરીર પાતળું-લાંબું, પીઠ પર તાંબાના રંગની ચમક, બંને બાજુ કાળી રેખાઓ અને નીચે આછો પીળો/સફેદ રંગ હોય છે. આ સાપ ઝાડ-પાન અને ગીચ ઝાડીઓમાં રહેવાનું પસંદ કરે છે, ઝડપથી ચઢે છે અને ડાળીઓ વચ્ચે કૂદકા મારે છે. તે ખૂબ જ ડરપોક સ્વભાવનો છે અને માનવને જોતાં જ ભાગી જવાનો પ્રયત્ન કરે છે. ગભરાટમાં ગળાનો ભાગ ફૂલાવીને વાદળી રંગ દેખાડે છે, જે સંરક્ષણની રીત છે.



તસવીર : સૌરભ દોશી

# 'તારી બેને મારા દીકરા સાથે છૂટાછેડા કરેલ છે તેની દાઝ હજુ અમને છે' કહી મહિલાને ઢીકાપાટુ માર્યા

અમરેલી, તા.૧૫

અમરેલીમાં રહેતી એક મહિલા શેરીમાં એંઠું નાંખવા ગઈ ત્યારે તારી બેન મદીનાએ મારા દીકરા સોહિલ સાથે છૂટાછેડા કરેલ છે તેની દાઝ હજુ અમને છે કહીને ગાળો આપીને ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. આ અંગે મુમતાજબેન રફિકભાઈ સાજીભાઈ (ઉ.વ ૨૮) એ ઝરીનાબેન ઈસ્માઈલભાઈ, સાહિલ ઈસ્માઈલભાઈ તથા સોહિલ ઈસ્માઈલભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ જમીને એંઠું નાખવા માટે શેરીમાં ગયા હતા. તે સમયે ઝરીનાબેન ઈસ્માઈલભાઈ શેરીમાં ઉભા હતા અને કહેવા લાગેલ કે તારી બેન મદીનાએ મારા દીકરા સોહિલ સાથે છૂટાછેડા કરેલ છે તેની દાઝ હજુ અમને છે એમ કહી ગાળો આપી, ઢીકા -પાટુનો માર માર્યો હતો. જે બાદ અન્ય બે આરોપીઓએ શરીરે મુંઢ ઈજા પહોચાડી હતી.

# બાબરાના ગરણી-જીવાપર માર્ગ પર રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે માઈનોર બ્રિજ મંજુર

બાબરા, તા.૧૫

બાબરા તાલુકાના ગરણી–જીવાપર માર્ગ પર વર્ષોથી ચાલી રહેલી અવરજવર સમસ્યાને ધ્યાનમાં રાખીને વિસ્તારના ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયત્નોને પરિણામે રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે માઈનોર બ્રિજ મંજુર કરવામાં આવ્યો છે. આ માર્ગ પર આવેલ નાળામાં વરસાદી સિઝનમાં પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થતો હતો. શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, ખેડૂતો તથા દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. હવે માઈનોર બ્રીજના નિર્માણથી આ સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. આ માર્ગ પરથી મોટા પ્રમાણમાં ખેતી ઉત્પાદનનો વહન થતો હોવાથી બ્રિજ બનતા ખેડૂતોને પાક બજારમાં પહોંચાડવામાં સરળતા રહેશે. સાથે સાથે વેપાર-ધંધાને પણ ગતિ મળશે અને સ્થાનિક અર્થતંત્ર મજબૂત બનશે. ધારાસભ્ય જનક તળાવીયાએ વિસ્તારની સમસ્યાઓને ગંભીરતાથી લઈ સંબંધિત વિભાગમાં સતત રજૂઆત કરી હતી.



# અમરેલીમાં માવો લેવા જતી પરિણીતા પર જૂની અદાવતમાં હુમલો કર્યો

અમરેલી, તા.૧૫

અમરેલી શહેરમાં જૂની અદાવત રાખીને એક પરિણીતા પર હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી હતી. શેરીમાં માવા લેવા જઈ રહેલી પરિણીતાને આંતરીને સામાવાળા શખ્સોએ ગાળાગાળી કરી મુંઢ માર માર્યો હતો. આ અંગે ઝરીનાબેન ઈસ્માઈલભાઈ બેલીમ (ઉં.વ ૪૯)એ હમીદાબેન, મદીનાબેન રફિકભાઈ, રુકસારબેન રફિકભાઈ તથા મોઈનભાઈ રફિકભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પરિણીતા જ્યારે પોતાની શેરીમાં ચાલીને નજીકની દુકાને માવા લેવા જતી હતી ત્યારે પૂર્વ આયોજિત કાવતરા મુજબ સામાવાળા શખ્સોએ તેમને રસ્તામાં રોકી હતી. અગાઉ થયેલી કોઈ બાબતની જૂની અદાવત મનમાં રાખીને આરોપીઓએ તેમની સાથે ઝઘડો શરૂ કર્યો હતો. ઉપરાંત જાહેરાતમાં બિભત્સ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. જે બાદ તમામ નાસી છૂટ્યા હતા.

# સાવરકુંડલામાં જાહેર રોડ પર દબાણ કરતી પાણીપુરી, નાસ્તાની લારીઓ સામે પોલીસની લાલ આંખ

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલા શહેરમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા અને જાહેર માર્ગો ખુલ્લા રાખવા માટે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. જાહેર રોડ પર અડચણરૂપ રીતે ઊભી રાખવામાં આવેલી ખાણી-પીણીની લારીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

મળતી માહિતી મુજબ, સાવરકુંડલાના મુખ્ય માર્ગો પર પાણીપુરી અને અન્ય નાસ્તાની લારીઓ એવી રીતે ગોઠવવામાં આવી હતી કે જેનાથી વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. આ લારીઓ જાહેર રોડ પર ટ્રાફિકમાં અડચણરૂપ હોવા છતાં અને અકસ્માતનું જોખમ ઊભું કરતી હોવા છતાં ચલાવવામાં આવતી હતી. લારીધારકો દ્વારા જાહેર રસ્તા પર દબાણ કરવામાં આવતા વાહનોની અવરજવરમાં મુશ્કેલી સર્જાતી હતી. મુખ્ય માર્ગ પર લારીઓ હોવાથી અકસ્માત થવાની પૂરેપૂરી શક્યતા જણાતી હતી. પોલીસ તપાસ દરમિયાન આવી ચાર લારીઓ જોખમરૂપ રીતે મળી આવતા, જાહેર માર્ગ પર અડચણ ઊભી કરવા બદલ લારીધારકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બારસ,તેરસ
તા.૧૬-૦૩-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૫૧,
સૂર્યાસ્ત-૦૬:૪૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ધનિષ્ઠા, શત તારકા

## દૈનિક રાશિફળ

તા.૧૬-૦૩-૨૦૨૬ સોમવાર

મેષ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો.

કર્ક: આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદભવશે.

સિંહ: રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

કન્યા: સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે.

તુલા: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

વૃશ્ચિક: આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે.

મકર: લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો.

કુંભ: ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે.

મીન: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે.

# લાઠીના કાંચરડી ગામના વેપારીની પત્ની ઘરેથી ચાલી નીકળી

લાઠી, તા.૧૫

લાઠીના કાંચરડી ગામના વેપારીની પત્ની ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરાઈ હતી. આ અંગે અશ્વીનભાઈ દેવશીભાઈ ખીચડીયા (ઉ.વ.૪૨) એ જાહેર કર્યા મુજબ, તેની પત્ની શિલ્પાબેન (ઉ.વ.૪૦) પોતે પોતાની મેળે ઘરેથી કોઈને કહ્યા વગર કયાંક જતી રહી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી એમ ભાડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના કમીગઢ ગામે યુવતીના શંકાસ્પદ મોતની તપાસ શરૂ

અમરેલી, તા.૧૫

અમરેલીના કમીગઢ ગામે એક યુવતીનું શંકાસ્પદ મોત થયું હતું. મૂળ દાહોદના મુવાળા ગામના યુવતીના પિતાએ તેમની પુત્રીએ કોઈ કારણસર કોઈ દવા પી લીધેલ કે કોઈકે કાંઈક દવા પાઈ દીધેલ છે જેના કારણે મરણ ગયેલ છે જેથી મરણજનારનુ મોત દવા પી લીધેલ કે કોઈકે કાઈક દવા પાઈ દેવાથી થયેલ છે કે કેમ? તેમજ મરણજનાર સાથે કોઈ બદકામ થયેલ છે કે કેમ? તે બાબતે યોગ્ય તપાસ કરવા માંગ કરતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

# રાજુલાના ઉચૈયા ગામે મકાનને પાણી છાંટવા મુદ્દે માથાકૂટ થઈ

રાજુલા, તા.૧૫

રાજુલાના ઉચૈયા ગામે મકાનને પાણી છાંટવા મુદ્દે બે પક્ષોમાં બઘડાટી બોલી હતી અને સામ સામી ફરિયાદ નોંધાવી હતી. શારદાબેન મુકેશભાઈ રાઠોડ (ઉ.વ.૩૫) એ વિપુલભાઈ નાથાભાઈ રાઠોડ, ચંપાબેન નાથાભાઈ રાઠોડ, જશુભાઈ જીવાભાઈ તથા જીવાભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તેમના મકાને પાણી છાંટતા હોય જે પાણી આરોપીના ફળીયામાં જતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ઢીકાપાટુનો માર મારી મુઢ ઈજા કરી ગાળો આપી હતી. તેમજ તેમને તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ વિપુલભાઈ નાથાભાઈ રાઠોડ (ઉ.વ.૨૦) એ મુકેશભાઈ રામભાઈ રાઠોડ તથા અરવિંદભાઈ રામભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના પાડોશમાં રહેતા આરોપીઓને ફળીયામાં પાણી નહીં ઉડાડવાનું કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. તેમને ઢીકાપાટુનો માર મારી મુઢ ઈજા કરી ગાળો આપી હતી. તેમજ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# સાવરકુંડલા તાલુકાના ભેંકરા ગામે પવનચક્કીમાં વીજ કરંટ લાગતા જેજાદ ગામના યુવકનું મોત

**હેલ્પરને અચાનક પાવર રિટર્ન આવતા જોરદાર શોક લાગતા**

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલાના ભેંકરા ગામની સીમમાં આવેલી આઈનોક્સ કંપનીની પવનચક્કીમાં ફરજ બજાવતા એક શ્રમિકનું વીજ કરંટ લાગવાથી કરુણ મોત નીપજ્યું હતું. પવનચક્કીના ટ્રાન્સફોર્મર પર કામ કરી રહેલા હેલ્પરને અચાનક પાવર રિટર્ન આવતા જોરદાર શોક લાગ્યો હતો. બનાવ અંગે જેજાદ ગામના પ્રવિણભાઈ ભરતભાઈ મકવાણા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, નિંકુજભાઈ ભરતભાઈ મકવાણા (ઉ.વ.૨૫) ભેંકરા ગામમાં આવેલી આઈનોક્સ કંપનીની પવનચક્કી (SVRT-૩૬) ખાતે હેલ્પર તરીકે ફરજ બજાવતા હતા. કામગીરી દરમિયાન TCમાં બાકી રહેલો વીજ પ્રવાહ અચાનક પરત આવતા તેની ઝપેટમાં આવી ગયા હતા.

હાઈ-વોલ્ટેજ વીજ કરંટ લાગવાના કારણે યુવક ઘટનાસ્થળે જ ફસડાઈ પડ્યો હતો અને મોત થયું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૫૨/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રફીકભાઈ અબુબકર દોકડિયા
સરનામું :- મુ.ડુંગર તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - માંડળ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી રફીકભાઈ અબુબકર દોકડિયા એ તેમના ભાઈ નામે શ્રી મહમદશફી અબુબકર દોકડિયા નો જન્મ તા.૨૨/૦૮/૧૯૭૭ ના રોજ રાજુલા તાલુકાના માંડળ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.યુ. તેલી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૫૦/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રફીકભાઈ અબુબકર દોકડિયા
સરનામું :- મુ.ડુંગર તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - માંડળ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી રફીકભાઈ અબુબકર દોકડિયા એ તેમના ભાઈ નામે શ્રી હારૂન અબુબકર દોકડિયા નો જન્મ તા.૨૧/૦૮/૧૯૭૫ ના રોજ રાજુલા તાલુકાના માંડળ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.યુ. તેલી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૫૧/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રફીકભાઈ અબુબકર દોકડિયા
સરનામું :- મુ.ડુંગર તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - માંડળ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી રફીકભાઈ અબુબકર દોકડિયા એ તેમના બહેન નામે શ્રી રજીયાબાનુ અબુબકર દોકડિયા નો જન્મ તા.૨૫/૦૮/૧૯૮૩ ના રોજ રાજુલા તાલુકાના માંડળ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.યુ. તેલી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તંત્રી લેખ

# ઉત્તર કોરિયાનું મિસાઈલ પરીક્ષણ

વિશ્વ હાલમાં પહેલેથી જ અનેક સંઘર્ષો અને તંગદિલીમાંથી પસાર થઈ રહ્યું છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુધ્ધ, ઊર્જા સંકટ અને વૈશ્વિક રાજકીય અસ્થિરતા વચ્ચે હવે એશિયામાંથી પણ નવી ચિંતા ઊભી થઈ છે. ઉત્તર કોરિયાએ જાપાન તરફ ૧૦થી વધુ બેલિસ્ટિક મિસાઈલ દાગીને ફરી એકવાર દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. આ ઘટના માત્ર એક સૈન્ય પરીક્ષણ નથી, પરંતુ તે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વધી રહેલા તણાવનું પ્રતિક પણ છે.

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ લાંબા સમયથી મિસાઈલ અને પરમાણુ કાર્યક્રમને પોતાની સુરક્ષા અને શક્તિનું મુખ્ય સાધન માનતા આવ્યા છે. તેમના શાસનમાં ઉત્તર કોરિયાએ અનેક વખત મિસાઈલ પરીક્ષણો કરીને દુનિયાને ચોંકાવી છે. આ વખતનો પ્રયોગ પણ એ જ શ્રેણીમાં આવે છે, પરંતુ તેની ટાઈમિંગ ખૂબ મહત્વની છે. કારણ કે આ પરીક્ષણ અમેરિકાના રાષ્ટ્રપતિ અને દક્ષિણ કોરિયાના નેતાઓ વચ્ચે થયેલી તાજેતરની બેઠક પછી તરત જ થયું છે.

દક્ષિણ કોરિયા અને અમેરિકા દર વર્ષે સંયુક્ત સૈન્ય અભ્યાસ કરે છે. આ અભ્યાસનો હેતુ બંને દેશોની સુરક્ષા ક્ષમતા વધારવાનો હોય છે. પરંતુ ઉત્તર કોરિયા આ કવાયતને પોતાના પર સંભવિત હુમલાની તૈયારી તરીકે જુએ છે. તેથી જ જ્યારે આવા સૈન્ય અભ્યાસ શરૂ થાય છે ત્યારે ઉત્તર કોરિયા ઘણી વખત મિસાઈલ પરીક્ષણ કરીને પોતાની નારાજગી વ્યક્ત કરે છે. આ વખતે પણ ૯ માર્ચથી શરૂ થયેલા સંયુક્ત અભ્યાસ પછી ઉત્તર કોરિયાએ મિસાઈલ છોડીને કડક સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે.

ઉત્તર કોરિયા માટે મિસાઈલ કાર્યક્રમ માત્ર સૈન્ય શક્તિ બતાવવાનો સાધન નથી. તે રાજકીય દબાણનું પણ એક હથિયાર છે. ઘણી વખત ઉત્તર કોરિયા મિસાઈલ પરીક્ષણો કરીને દુનિયાનું ધ્યાન ખેંચવાનો પ્રયાસ કરે છે, જેથી આંતરરાષ્ટ્રીય વાતચીતમાં તેને વધુ મહત્વ મળે. આ રીતથી તે પોતાના પર લાગેલા પ્રતિબંધો અને રાજકીય દબાણને હળવું કરવા માંગે છે. પરંતુ પ્રશ્ન એ છે કે આ મિસાઈલ રાજકારણનો અંત ક્યાં છે. જો દરેક દેશ પોતાની સુરક્ષા માટે સૈન્ય શક્તિ વધારવામાં જ ધ્યાન આપશે તો વિશ્વમાં અવિશ્વાસ અને સ્પર્ધા વધતી જશે. આવી પરિસ્થિતિમાં શાંતિ અને સંવાદનો માર્ગ વધુ મુશ્કેલ બની જાય છે.

આજે વિશ્વને સૌથી વધુ જરૂર છે સંયમ અને સમજદારીની. ઉત્તર કોરિયા, અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાન જેવા દેશોએ તણાવ વધારવાને બદલે સંવાદ દ્વારા સમસ્યાનો ઉકેલ શોધવો જોઈએ. સૈન્ય શક્તિ બતાવવાથી ક્ષણિક રાજકીય લાભ મળી શકે, પરંતુ લાંબા ગાળે તે કોઈ માટે ફાયદાકારક નથી.

ઉત્તર કોરિયાની તાજેતરની મિસાઈલ કસોટીએ ફરી એકવાર યાદ અપાવ્યું છે કે વિશ્વ હજુ પણ અસુરક્ષિત સમયમાંથી પસાર થઈ રહ્યું છે. જો સમયસર સમજદારીપૂર્વક પગલાં નહીં લેવાય તો આવી ઘટનાઓ ભવિષ્યમાં વધુ મોટા તણાવનું કારણ બની શકે છે. આથી હવે જરૂર છે કે મિસાઈલોના અવાજ કરતાં સંવાદનો અવાજ વધુ મજબૂત બને. દુનિયાને નવા યુધ્ધો નહીં, પરંતુ સ્થિરતા અને શાંતિની જરૂર છે.

# દેશમાં પરિવર્તન લાવવા સામાજિક સમરસતા અને સામૂહિક એકતા અસરકારક ઉકેલ છે

**પુષ્પ : ૧૭**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ત્રીજા સરસંઘચાલક બાળાસાહેબ દેવરસે ઈ.સ. ૧૯૯૨ના વિજયાદશમી ઉત્સવના બૌધ્ધિકમાં કહ્યું કે, “આપણે જાણીએ છીએ કે આપણે એવી દુનિયામાં જીવી રહ્યા છીએ જે ટેકનોલોજીના વિકાસને કારણે એકબીજાની ખૂબ નજીક આવી ગઈ છે. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ અને ફેરફારો પણ આપણને અસર કરશે. આંતરરાષ્ટ્રીય સ્તરે આપણું કંઈક સ્થાન છે. આપણી ભૂમિકા છે. પરંતુ આ સ્થિતિ શેના પર નિર્ભર રહેશે ?ફક્ત ઉત્કૃષ્ટ ફિલસૂફી અને ઉદાર વિચારસરણી પર ? ના તે તમારી તાકાત પર આધાર રાખે છે. શક્તિ વિના ઉદારતાના વિચારોને ડરપોક વિચારો તરીકે જોવામાં આવે તેવી શક્યતા વધુ હોય છે. એટલા માટે આપણે મજબૂત બનવું જોઈએ. આપણી સરકારે પરમાણુ અપ્રસાર સંધિ પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કર્યો તે સારી વાત છે. પરંતુ આ સાથે સકારાત્મક ઉર્જા પણ પ્રદર્શિત કરવી પડશે. આપણે આપણા પોતાના પરમાણુ શસ્ત્રો અને અન્ય આધુનિક શસ્ત્રો પણ બનાવવા પડશે. જ્યારે આપણા પડોશીઓ પરમાણુ શસ્ત્રોથી સમૃધ્ધ દેશો છે. ત્યારે આપણે નિઃશસ્ત્ર ન રહેવું જોઈએ. એટલા માટે આપણે તે દેશો સાથે મિત્રતા કરવાની જરૂર નથી. મિત્રતા સમાન દરજ્જાના લોકો સાથે થાય છે. આ સંદર્ભમાં અમેરિકા કે અન્ય કોઈ દેશના દબાણને વશ થવાની જરૂર નથી. ભારતની પરમાણુ શક્તિ વિશ્વ લોકશાહી, વિશ્વશાંતિ અને માનવતાના હિતમાં છે. આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રશ્નોની સાથે, આપણા સમાજમાં પણ કેટલાક પ્રશ્નો છે. કેટલીક અનિચ્છનીય વૃત્તિઓ હજુ પણ પોતાનો પ્રભાવ પાડવાનું ચાલુ રાખે છે. સમાજના વિવિધ વર્ગોમાં કોઈ ને કોઈ કારણોસર સમસ્યાઓને બદલે દુશ્મનાવટ વધી રહી છે. સામાજિક જીવનમાં રાજકારણના વધુ પડતા મહત્વને કારણે સમરસતા જાળવવામાં મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. સમાજમાં પરસ્પર દુશ્મનાવટ વધી રહી છે કારણ કે સમાજને વિભાજિત કરવો અને લોકોમાં મનભેદ અને મતભેદો પેદા કરવા એ રાજકારણનો સ્વભાવ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઘણા સ્વયંસેવકો વિવિધ પ્રકારના સેવા કાર્યોમાં રોકાયેલા છે. આ પ્રકારના સામાજિક સેવા કાર્યનો વ્યાપ અને તીવ્રતા વધુ વધારવાની જરૂર છે. આપણે આ કાર્યો અત્યંત નમ્રતા અને સેવાની ભાવનાથી કરવા જોઈએ. આ સેવાના ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને આપણા વંચિત ભાઈઓમાં સમગ્ર સમાજ પ્રત્યે



આત્મીયતાની ભાવના વિકસે અને આ રીતે સમગ્ર સમાજ એક બને આવા નજીકના સંપર્ક દ્વારા જ આપણા સમાજની કેટલીક ખોટી પરંપરાઓ અને અનિચ્છનીય રિવાજોથી ઉદભવતી ગેરસમજણો અને કડવાશ દૂર થશે. સામાજિક સમરસતા માટે સંઘનું કાર્ય અસરકારક હોવું જોઈએ. જે ગામડાઓમાં સંઘની શાખા હશે ત્યાં જાતિના આધારે સ્મશાન નહી હોય. બધા લોકો એક જ કૂવામાંથી પાણી ભરી શકશે, મંદિરમાં દરેકને મફત પ્રવેશ મળશે. આવું સામાજિક વાતાવરણ સ્વાભાવિક રીતે ત્યાં હોવું જોઈએ. આપણે આવા સામાજિક પરિવર્તન લાવવા પડશે. તે પણ સંઘની ખાસ શૈલીમાં, કોઈ પણ પ્રકારના હોબાળા કે આક્રમકતા વિના સંઘના સ્વયંસેવકોમાં જે એકતા અને સમરસતાના મૂલ્યો સિંચવામાં આવે છે તે આપણા ઘરોમાં અને આપણા પરિવારોના વર્તનમાં દ્રશ્યમાન અને અનુભવાયેલા હોવા જોઈએ. મારું માનવું છે કે સામાજિક સમરસતા બનાવવા અને જાળવવા માટે આ એક અસરકારક ઉકેલ છે. આપણે હંમેશા કહીએ છીએ કે હિન્દુ દર્શન સમગ્ર વિશ્વ માટે માર્ગદર્શક છે. જીવનના આ દર્શનને સ્વીકારવાથી સંઘર્ષપૂર્ણ વિશ્વમાં કાયમી શાંતિ અને સમરસતા આવશે. આ વિધાનમાં કોઈ અતિશયોક્તિ નથી. પરંતુ જો સમાજ દ્વારા કોઈ પણ દર્શન અમલમાં મૂકવામાં ન આવે. તો તે સ્વીકાર્ય રહેશે નહીં. આત્મા બધે જ છે, પરંતુ જેમ કોઈ પણ દર્શન સ્વીકારવા માટે શરીર સક્રિય હોવું જરૂરી છે. તેવી જ રીતે કોઈ પણ દર્શન સ્વીકારવા માટે તે દર્શન પાલન કરતો સમાજ પણ જરૂરી છે. હિન્દુ દર્શન સમગ્ર વિશ્વ માટે માર્ગદર્શક છે એમ કહેવું ઘમંડ નથી. પરંતુ દુનિયા આ વાત ત્યારે જ સ્વીકારશે જ્યારે સમગ્ર હિન્દુ સમાજ દુનિયા સમક્ષ એક થઈને સમરસત્તાસભર વર્તન કરશે. આ જ કારણ છે કે વિશ્વમાં આટલી બધી ઉથલપાથલ હોવા છતાં હિન્દુ સમાજ મોટી આફતોથી સુરક્ષિત રહે છે. તે બધું સહન કરે છે અને ફરીથી ઊભો થાય છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પોતાના સમાજની વિશેષતાઓને ધ્યાનમાં રાખીને પોતાના કાર્યનું આયોજન કર્યું છે. સંઘ સમગ્ર હિન્દુ સમાજના સંયુક્ત અને સમરસતા જીવન માટે ઊભો છે અને કાર્ય કરે છે. મને આશા છે કે તમે સંઘના આ કાર્યને પુરા હૃદયથી સમર્થન આપશો. ૬ ડિસેમ્બર, ૧૯૯૨ ના રોજ કારસેવકો દ્વારા અયોધ્યામાં બાબરીનું માળખું તોડી પાડવામાં આવ્યું હતું. સેકડો વર્ષોથી હિન્દુ ઓળખને કચડી નાખવામાં આવી હતી. આ માળખું જે આપણી ગુલામીનું પ્રતીક હતું તેને તોડી પાડવામાં આવ્યું હતું. આ પછી કેન્દ્ર સરકારે સંઘ પર પ્રતિબંધ મૂક્યો. સ્વતંત્રતા પછીના યુગમાં આ ત્રીજો પ્રતિબંધ હતો. પરંતુ થોડા દિવસો પછી પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો હતો.”

આ રીતે બાળાસાહેબ દેવરસે ઈ.સ. ૧૯૯૨ ના બૌદ્ધિકમાં સામાજિક સમરસતા અને હિન્દુ સમાજના શુધ્ધ આચરણ ઉપર સવિશેષ ભાર મૂક્યો હતો.

**વિચારપૂંજ**
સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# વેદના અને સંવેદના

**મનન ચિંતન**
ભરત બાવીશી



માનવ જીવનમાં અનેક ભાવનાઓ આવે છે. તેમાં વેદના અને સંવેદના બે એવી ભાવનાઓ છે, જે માણસના હૃદયને સ્પર્શે છે અને સમાજને માનવતા તરફ દોરી જાય છે. એક તરફ વેદના વ્યક્તિને અંદરથી હચમચાવી દેતી પીડા છે, જ્યારે બીજી તરફ સંવેદના એ બીજાની પીડા સમજી તેને સહાનુભૂતિ આપવાની ક્ષમતા છે. આ બે શબ્દો એવા છે જે દેખાવમાં ખૂબ સમાન લાગે છે, પરંતુ અર્થ અને અસરની બાબતમાં બંને ખૂબ અલગ છે,આ બે શબ્દો એટલે વેદના અને સંવેદના.

વેદના એટલે પોતે અનુભવેલ દુઃખનો તીવ્ર સ્પર્શ, જ્યારે સંવેદના એટલે બીજા કોઈના દુઃખને સમજીને તેને હૃદયથી અનુભવવાની માનવતાભરી લાગણી. આપણને વાગે ને દર્દ થાય તે વેદના અને બીજાને વાગે ને દર્દ આપણને થાય તે સંવેદના!

**વેદના શું છે?** વેદના એટલે દુઃખ.પીડા અથવા મનની તકલીફ. જ્યારે માણસને કોઈ નુકસાન થાય, કોઈ પ્રિયજન દૂર થઈ જાય, અપેક્ષા તૂટી જાય કે અયોગ્ય પરિસ્થિતિ સર્જાય ત્યારે જે પીડા અનુભવાય તેને વેદના કહેવાય. વેદના માણસને ક્યારેક તોડી નાખે છે, પણ ઘણી વખત આ જ વેદના માણસને વધુ મજબૂત બનાવે છે. વેદના એટલે શરીર કે મનમાં થયેલું દુઃખ.જ્યારે કોઈ વ્યક્તિ પોતે પીડા અનુભવે છે ત્યારે તે વેદના અનુભવે છે.

દાખલા તરીકે ,કોઈ વ્યક્તિ અકસ્માતમાં ઘાયલ થાય ત્યારે તેના શરીરમાં થતી પીડા એ વેદના છે.કોઈને પોતાના પ્રિયજનનું અવસાન થાય ત્યારે મનમાં ઊભી થતી ખાલીપા અને દુઃખની લાગણી પણ વેદના છે. એક ખેડૂત આખું વર્ષ મહેનત કરે અને અંતે પાકને કુદરતી આફત નષ્ટ કરી દે, ત્યારે તેના હૃદયમાં જે વીતે તે વેદના છે. જીવનમાં અપેક્ષા ભંગ થાય ત્યારે મનમાં ઉદભવતી વ્યથા પણ વેદના છે.આખું વર્ષ મહેનત કર્યા પછી પરીક્ષા નજીક હોય અને પરિવારમાં કાંઈ અઘટિત ઘટના બને પછી વિદ્યાર્થી માનસિક રીતે અપસેટ થાય પછી ધાર્યું પરિણામ ના મળે ત્યારે એની મનોવ્યથા હોય એ વેદના. આકસ્મિક યુધ્ધની પરિસ્થિતિ નિર્માણ પામે ત્યારે જાન માલની નુકશાની વખતે નિર્દોષ નાગરિકોને વેઠવી પડતી મુશ્કેલી એ સામુહિક વેદના છે.આમ વેદના વ્યક્તિગત કે સામુહિક હોય છે. દરેક વ્યક્તિ કે સમાજ તેને પોતાની રીતે અનુભવે છે.

**સંવેદના શું છે?** સંવેદના એટલે બીજાના દુઃખને સમજવાની અને તેને દૂર કરવા માટે સહાનુભૂતિ વ્યક્ત કરવાની માનવીય ભાવના. અર્થાત જ્યારે કોઈ વ્યક્તિ દુઃખમાં હોય ત્યારે માત્ર તેને જોઈને જ નહિ, પરંતુ તેની પીડાને હૃદયથી અનુભવીને મદદ કરવાનો ભાવ એ સંવેદના છે. સંવેદનાનો મૂળ અર્થ જોઈએ તો :સમ + વેદના = સંવેદના. એટલે કે બીજાની વેદનાને પોતાની વેદના સમજીને તેને કોઈ પણ પ્રકારે સહયોગી થવું.

દાખલા તારીખે,રસ્તા પર કોઈ વૃધ્ધ માણસ પડી જાય અને આપણે તરત દોડી જઈને તેને ઊભા કરીએ આ સંવેદના છે. કોઈ ગરીબ બાળકને ભૂખ લાગેલી જોઈને તેને ખાવાનું આપવું - આ સંવેદના છે. બસ કે ટ્રેનમાં જગ્યા નહીં મળવાના કારણે ઉભેલા વૃધ્ધ કે અશક્ત વ્યક્તિને આપણી સીટ બેસવા આપીએ એ સંવેદના છે.મિત્ર કે સબંધી મુશ્કેલીમાં હોય ત્યારે તેની સાથે ઊભા રહેવું આ સંવેદના છે. ઝૂંપડપટ્ટી માં ઠંડીમાં કાપતા બાળકોને ઓઢવા ગરમ કપડાં આપીએ, તે સંવેદના છે. કુદરતી આફતમાં પીડિત લોકો માટે મદદ કરવા આગળ આવવું એ પણ સંવેદનાની સુંદર અભિવ્યક્તિ છે.ઓફિસમાં સાથે કામ કરનાર કર્મચારીને કામમાં સહકાર આપીએ તે સંવેદના છે.કર્મચારી તરીકે રાજદારનું કામ સમયસર કરી આપીએ તે સંવેદના.

**વેદના અને સંવેદનાનો સંબંધઃ**

વેદના વ્યક્તિને તોડી શકે છે, પરંતુ સંવેદના સમાજને જોડી શકે છે.સંવેદના એ માનવતાની સૌથી મોટી ઓળખ છે.જ્યાં સંવેદના છે ત્યાં સમાજ જીવંત છે.વેદના માણસને અનુભવ શીખવે છે અને સંવેદના માણસને માનવતા શીખવે છે. વેદના જીવનની કઠિન સચ્ચાઈ છે અને સંવેદના માનવતાની મહેક છે.જો માણસ પોતાની વેદનામાંથી શીખીને બીજાની પીડા સમજવા લાગે, તો સમાજ વધુ સ્વસ્થ બની શકે.ઘણી વખત વેદનાનો અનુભવ કરનાર વ્યક્તિ વધુ સંવેદનશીલ બની જાય છે, કારણ કે તેને ખબર હોય છે કે દુઃખ શું હોય છે.સંઘર્ષ કરીને સફળ થયેલ વ્યક્તિ પોતાની ભૂતકાળની પીડાઓને કારણે સંવેદનશીલ હોય છે.

સંવેદનાનું એક સુંદર ઉદાહરણઃ એક ગરીબ વિદ્યાર્થીને બાળપણમાં ઘણું દુઃખ સહન કરવું પડ્યું હતું. પણ કોઈ વ્યક્તિ કે સંસ્થાના સહયોગથી અભ્યાસ કરીને ખૂબ મોટો અધિકારી બને પછી ગરીબ વિદ્યાર્થીઓની ફી પોતે ભરવા લાગે તો તે સંવેદનાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. કારણ કે પોતાની વેદનાએ તેને સંવેદના શીખવી હતી.

**આજના સમયમાં સંવેદનાની જરૂરઃ**

આજના આધુનિક અને વ્યસ્ત સમયમાં લોકો પોતાની સમસ્યાઓમાં એટલા વ્યસ્ત થઈ ગયા છે કે બીજાની વેદના સમજવાની સંવેદના ધીમે ધીમે ઘટતી જાય છે. આજના સમયમાં ટેકનોલોજી અને સ્પર્ધાના યુગમાં માણસ ઘણી વખત લાગણીઓથી દૂર થઈ રહ્યો છે. પરંતુ સંવેદના વગરનો સમાજ યાંત્રિક બની જાય છે. સંવેદના માણસને માણસ સાથે જોડે છે. સંવેદના સમાજમાં ભાઈચારો,સહકાર અને કરુણા વધારે છે. સંવેદના માનવતાને જીવંત રાખે છે. જ્યાં સંવેદના છે ત્યાં સેવા, દયા અને પરોપકાર આપોઆપ જન્મે છે. આપણી અનેક ધાર્મિક અને સેવાધારી સંસ્થાઓ વિવિધ ક્ષેત્રોમાં માનવ સેવાના કાર્યો કરીને સંવેદના રૂપી સેવા યજ્ઞો ચલાવી રહી છે તે સન્માન સાથે વંદનને પાત્ર છે.જો સમાજમાં સંવેદના જળવાઈ રહેશે તો માનવતા જીવંત રહેશે. વેદના જીવનમાં આવતો અંધકાર છે,સંવેદના સૌ માટે આશાનો દીપક છે. જેને બીજાના દુઃખનો અહેસાસ થાય,એ ક્યારેય કોઈને મન વચન કે કર્મથી દુઃખી કરતો નથી. વેદના માણસને રડાવતી હોય છે, સંવેદના માણસને માણસ બનાવતી હોય છે.

**દુઃખના દરિયામાં ડૂબતા જીવનને સંવેદનાનો સાથ કિનારે પહોંચાડતો હોય છે.**

**દિલમાં જો સંવેદનાનો દીવો પ્રગટે એક વાર,**
**તો દુનિયાનાં અંધકારને હરાવી દે પ્રેમનો પ્રકાશ પાર.**
**વેદનાથી શીખે માણસ જીવનનો સાચો પાઠ,**
**સંવેદનાથી જ બને છે માનવતાનો સચ્ચો સાથ.**

**વેદના સમજવા માટે દિલમાં સંવેદના હોવી જોઈએ સાહેબ,**
**કેમકે ભાષાનો અનુવાદ શક્ય છે પણ ભાવનાઓ નો નહીં.**

# વલસાડના સફળ મહિલા: આજે પોતાના મસાલા ઉત્પાદનોની મોટી માંગ



વલસાડના આ મહિલા ખેડૂતે સારું ખાવા માટે ઘરે પોતાના માટે મસાલા અને ઔષધીઓ બનાવવાની શરૂઆત કરી, જે આજે એક સફળ ગૃહઉદ્યોગમાં પરિણમી. પોતાના ખેતરમાં જાતે જ ઓર્ગેનિક રીતે વાવેતર કરે છે, સૂર્યપ્રકાશમાં સૂકવી દેશી ઘંટીમાં દળે છે. આજે દેશ-વિદેશમાંથી લોકો તેમના મસાલા મંગાવે છે અને ૧૩ મહિલાઓને નિયમિત રોજગારી પણ મળે છે.

આજના જમાનામાં તમે ઑર્ગેનિક રીતે વાવેલ, કુદરતી પધ્ધતિઓની મદદથી સૂકવીને આપણી દેશી ઘંટીમાં દળેલ મસાલા વિશે સાંભળ્યું છે? આવું તો દાદી પાસે સાંભળ્યું હોય, પરંતુ આજના જમાનામાં આ રીતે બનેલ મસાલા, ઔષધીઓ વગેરે મળવું ખરેખર બહુ મુશ્કેલ છે. પરંતુ વલસાડના આ મહિલાએ પોતાના ઉપયોગ માટે કરેલ આ શરૂઆત આજે સફળ ગૃહઉદ્યોગમાં પરિણમી છે અને નિયમિત ૧૩ લોકોને રોજગારી પણ મળે છે. એટલું જ નહીં, આસપાસના ઑર્ગેનિક ખેતી કરતા લોકોને સારા ભાવ પણ મળવા લાગ્યા છે.

આજે અમે વાત કરી રહ્યા છીએ વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના અટગામમાં રહેતા અમિતાબેન પટેલની જેઓ પોતાના ગૃહ ઉદ્યોગ થકી લોકોના સ્વાદ અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખી જાતે જ ઓર્ગેનિક વસ્તુઓ બનાવી વેંચાણ કરી રહ્યા છે. અમિતાબેને પહેલા આ કામની શરુઆતમાં ઘર માટે કરી હતી. ત્યારે તેઓ જાતે જ વસ્તુઓ બનાવવા હતા. બાદમાં આસપાસના લોકોને ખબર પડતા પૂછપરછ કરવા લાગ્યા અને આ બધાં ઉત્પાદનો ગમતાં ઓર્ડર પણ આપવા લાગ્યા. જેથી ધીરેધીરે આ ગૃહઉદ્યોગની શરૂઆત થઈ ગઈ. અમિતાબેનને આ કામ કરતા આજે ૧૦ વર્ષ થઈ ગયા છે. જેમાં હાથની ઘંટીથી દળેલ વસ્તુ, કેમિકલ મુક્ત વસ્તુઓ, હર્બલ ઓષધીઓનું વેચાણ કરવામાં આવે છે. જેમાં ઘણી બધી યુનિક આઈટમ્સ પણ છે, જો ક્યાંય પણ મળતી નથી.

કેવો રહ્યો અનુભવ? જોકે, છેલ્લા ૧૦ વર્ષમાં તેમને આ કામમાં ઘણો સુધારો પણ જોવા મળ્યો છે. તેમણે ગ્રાહકોના ફીડબેક અને પોતાની રીતે ધીરે ધીરે વસ્તુઓની ગુણવત્તામાં પણ ફેરફાર કરતા રહ્યા જેથી તેમની બધી પ્રોડક્ટ આજે દેશભરમાં વહેંચાઈ રહી છે. અમિતાબેન હળદર, સૂંઠ, ગંઠોડા, ટોમેટો કેચઅપ, બધા મસાલાઓને જાતે જ તૈયાર કરાવે છે. તેઓ પોતાના ખેતરમાં હળદર, આદુ, સૂંઠ, કેરીનું ઉત્પાદન કરે છે અને બીજી વસ્તુઓ બીજા ખેડૂતો પાસે તૈયાર કરાવડાવે છે.

ખેડૂતોને કેવો ફાયદો મળે છે? અમિતા બેનના આ કામથી ખેડૂતોને પણ ઘણો ફાયદો થાય છે. ઉદાહરણ તરીકે જો કોઈ ખેડૂતને કહેવામાં આવ્યું કે, તમે ઓર્ગેનિક મગનું ઉત્પાદન કરો તો બિયારણ પણ અમિતાબેન આપે છે અને બાદમાં જેટલો પણ માલ તૈયાર થાય તે બધો તેઓ જ ખરીદી લે છે અને માર્કેટ કરતા ભાવ પણ સારા આપે છે. બધી વસ્તુના ભાવ પણ એડવાન્સમાં જ નક્કી કરી લેવામાં આવે છે. તેમાં એવુ પણ નથી કે માર્કેટમાં આ ભાવ ચાલે છે તો, તે જ ભાવમાં જ વસ્તુ આપો. તેઓ જાતે જ સારા ભાવ નક્કી કરી ખેડૂતોને ફાયદો થાય તે રીતે કામ કરે છે. જેથી ખેડૂતોને પણ માર્કેટ રેટ કરતા ભાવ સારા મળે છે અને સરળતાથી બધો માલ પણ વેંચાઈ જાય છે.

**ઝાકળનું એક બિંદુ**
હિરેન હિરપરા



વસ્તુઓનું વેંચાણ આ રીતે કરવામાં આવે છે. અમિતાબેન પોતાની બધી ઓર્ગેનિકની પ્રોડક્ટનું વેંચાણ ઓર્ગેનિક શોપ અને એક્ઝિબિશન દ્વારા કરે છે. જેમાં તેઓ આખા દેશમાં અલગ-અલગ જગ્યાએ જઈ એક્ઝિબિશન કરી લોકો સુધી સારી અને શુધ્ધ વસ્તુ પહોંચાડી રહ્યા છે. એકવાર ખરીદ્યા બાદ ગ્રાહકો પણ ફોન કરીને આ બધી વસ્તુ મંગાવે છે અને અન્ય લોકોને પણ આ અંગે જણાવે છે.

સીઝનમાં વધુ લોકોને રોજગારી મળે છે. અમીતાબેનના આ ગૃહ ઉદ્યોગમાં દરરોજ ૧૩ લોકો કામ કરે છે. જોકે, સીઝનમાં કામ વધુ હોવાથી ૨૦ થી ૨૫ લોકોને કામ કરવું પડે છે. કારણ કે, ત્યારે વસ્તુની માંગ વધારે હોવાથી કામ પણ વધી જાય છે. દેશભરમાં મહારાષ્ટ્ર અને દિલ્હીમાં આ વસ્તુની માંગ વધારે હોવાથી ત્યાં વેચાણ વધારે થાય છે. અમિતાબેન કહે છે કે, ગ્રાહકો પણ કહે છે કે, વિસરાઈ ગયેલી વસ્તુ હવે ફરીથી પરત મળવા લાગી છે. જ્યારે અમિતાબેનને પૂછવામાં આવ્યુ કે, આ ફાર્મ શરૂ કરવાનું પાછળનું કારણ શુ હતું? તો તેમણે જણાવ્યું કે, જ્યારે તેમણે રાજલ દિક્ષિતને સાંભળ્યા ત્યારે તેમની પાસેથી તેમને પ્રેરણા મળી કે, લોકોને કંઈક સારુ ખવડાવવું છે અને વિચાર કર્યો કે, આવુ કંઈક કરવું જોઈએ બાદમાં તેમણે આ કામની શરૂઆત કરી.

અમીતાબેન કહે છે કે, તેમની બધી વસ્તુ બજાર કરતા ઘણી અલગ છે. ધારો કે, બજારમાં મળતી હળદરને બોઈલ કરે ઓવન કરે અને બાદમાં તેના ગાંઠીયા તૈયાર થાય પણ અમારી હળદરને ધોઈને ૪૦ થી ૪૫ દિવસ સુધી સૂર્યપ્રકાશમાં સૂકવવામાં આવે છે અને એકદમ લો ટેમ્પરેચર વાળી ઘંટીમાં દળવામાં આવે છે, જેથી તેના વિટામિન, મિનરલ્સ બધુ જળવાઈ રહે છે. જો તમે પણ દેશી પધ્ધતિથી બનાવેલ શધ્ધ ઓર્ગેનિક વસ્તુઓ અંગે જાણવા માટે અમિતાબેન પટેલ નો સંપર્ક ૯૬૬૨૫ ૮૨૮૩૫ નંબર કરી શકો છો.

**:: તિખારો ::**

**દુનિયા માણસના સ્વભાવને નહીં સમયને માન આપે છે. સમય સારો હોય ત્યારે દરેક માણસ આપણું મહત્વ સમજે છે અને સમય બદલાય ત્યારે એ જ લોકો ઓળખ પણ ભૂલી જાય છે. એટલે જીવનમાં સમયનો ગર્વ નહી પણ સારો સ્વભાવ અને વિનમ્રતા રાખવી જોઈએ. કારણ કે સમય તો બદલાતો રહે છે. સમય ને માન આપતા મિત્રો ને ભુલી જવા એટલે દુઃખ નહી આવે**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો

તલ: ● ગાંઠીયા માખીના નિયંત્રણ માટે લીમડાની લીંબોળીનાં મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર દવા ૨૦મિ.લિ. (૧ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. અથવા કાર્બારીલ ૫૦ વે.પા. ૪૦ ગ્રામ, મીથાયલ-ઓ-ડીમેટોન ૧૦ મીલી. અથવા ક્વિનાલફોસ ૨૦ મિ.લિ./ ડાયમીથોએટ ૧૦ મીલી. પૈકીની કોઈપણ એક દવાનો ફુલ ઉઘડવાની અવસ્થાએ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

**મગફળી:**

● મગફળીમાં સુયા વધારવા માટે ૨૬ કિલોનું બેરલ પાક ઉભાડી મગફળી જેવીકે **SS**-૩૨ તેમજ ગીરનાર-૪ ઉપર ફેરવવું તેવું મગફળી સંશોધન કેન્દ્ર જલગાઉ ખાતે સંશોધનના પરિણામો મળેલ છે, બેરલ ૫૦ અને ૭૦ દિવસે ફેરવવું. બીજું ૬૦ દિવસે પેટ્રોબુટાઝોન ૨૩% અથવા ૪૦% પંપમાં ૫ **ml** + સાથે ૦-૦-૫૦ સોલ્યુબલ ખાતર + તેમાં ૨૦ ગ્રામ બોરોનને ગરમ પાણીમાં ઓગાળી ત્રણેને પમ્પમાં નાખી છંટકાવ કરવો.

● મગફળીના પાકને નીંદણ મુક્ત રાખવા માટે વિવિધ પાકને વાવણી પછી ૫૦ દિવસ સુધી નિંદામણ મુક્ત રાખવો. આ માટે બે આંતરખેડ ૨૫ અને ૩૫ દિવસે અને હાથથી નિંદામણ ૨૫, ૩૫ અને ૪૫ દિવસે કરવું.

ઊભા પાકમાં સાંકડા પાનવાળા નીંદણ નિયંત્રણ માટે ક્વિઝાલોફોપ-પી-ઈથાઈલ **@ 25 ml / 15 Ltr** પાણી પ્રમાણે ભેળવી નીંદણની ફૂલ અવસ્થા પહેલા છંટકાવ કરવો

ઉત્પાદનમાં ફાઉન્ડેશન બીજ માટે સફેદ રંગની અને સર્ટિફાઈડ બીજ માટે ભૂરા રંગની એજન્સીની ટેગ કે જેમાં પેકિંગ સમયે હાજર રહેલ એજન્સીના અધિકારીના સહી-સિક્કા હોય છે તે અને નિયત માહિતીવાળી ટેગ સાથે સીવી, બેગના બન્ને છેડે સીલ મારવામાં આવે છે. બીજ ઉત્પાદકનું પોતાનું ઓપેલાઈન ગ્રીન (લીલા) રંગનું લેબલ સંપૂર્ણ વિગતો સાથે એજન્સીની ટેગ નીચે રાખી બેગ સાથે સીવવામાં આવે છે આ સીલ કરેલ ફાઉન્ડેશન બીજની બેગો

| વિગત | ફાઉન્ડેશન બીજ | સર્ટિફાઈડ બીજ |
|---|---|---|
| ભૌતિક શુધ્ધતા (લઘુત્તમ) | ૯૬ ટકા | ૯૬ ટકા |
| ઈર્નટ મેટર મહત્તમ | ૪ ટકા | ૪ ટકા |
| અન્ય પાકના બીજ (મહત્તમ) | નીલ | ૪ ટકા |
| નિંદણના બીજ (મહત્તમ) | નીલ | નીલ |
| સ્ફુરણ શક્તિ (લઘુત્તમ) | ૭૦ ટકા | ૭૦ ટકા |
| દાણામાં ભેજ (મહત્તમ) (ક) સામાન્ય પેકિંગ | ૯ ટકા | ૯ ટકા |
| દાણામાં ભેજ (મહત્તમ) (ખ) હવાચુસ્ત પેકિંગ | ૫ ટકા | ૫ ટકા |
| જનીનિક શુદ્ધતા (લઘુત્તમ) | ૯૯ ટકા | ૯૯ ટકા |

સર્ટિફાઈડ બીજ પ્લોટ લેનાર ખેડૂતો

કે સંસ્થા/પેઢીઓ લઈ જાય છે. જયારે સર્ટિફાઈડ બિયારણની બેગો કોમશિયલ વાવેતર માટે બજારમાં પ્રમાણિત બિયારણ તરીકે વેચાણ કરવામાં આવે છે.● જેસીડ, થ્રીપ્સ જેવી ચુસીયા પ્રકારની જીવાતનાં નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૫૦ ઈ.સી. ૧૫ થી ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**મગ:** ● શીંગ કોરી ખાનાર લીલી અથવ ગુલાબી ઈયળ નિયંત્રણ માટે કવીનાલફોસ ૨૦ મીલી દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

| ક્રમ | વિગત | ફાઉન્ડેશન બીજ પ્લોટ | સર્ટિફાઈડ બીજ પ્લોટ |
|---|---|---|---|
| ૧ | એકવન અંતર (લઘુત્તમ) | ૩ મીટર | ૩ મીટર |
| ૨ | વિજાતીય છોડનું પ્રમાણ (મહત્તમ) | ૦ ટકા ૧૦ | ૦ટકા ૨૦ |

**નીંદણ** : રાસાયણિક નિંદણ નાશકોથી ભોતિક પધ્ધતિઓ કરતાં વહેલું, અર્થક્ષામ અને અસરકારક રીતે નિંદણ નિયંત્રણ થઈ શકે પણ જરૂર જણાય તોજ ઉપયોગ કરવો.

● ઘનિષ્ઠ પાક પધ્ધતિઓ જેવી કે બહુપાક પધ્ધતિ, રીલેપાક પધ્ધતિ, આંતરપાક પધ્ધતિ વગેરે અપનાવવા

**શાકભાજી:** ● સંકર મરચીમાં રાસાયણિક ખાતર ૧૪૦-૫૦-૫૦ ના.-ફો.-પો. કિ.ગ્રા./હે. આપવું.

**રીંગણી : નાના પર્ણ / લઘુપર્ણ / ઘટ્ટીયા પાન**

પાક નિંદણમુક્ત રાખવો. રોગ તડતડીયાથી ફેલાતો હોવાથી રોપણી પછી ૧૦ થી ૧૫ દિવસે કાર્બોફ્યુરાન ૩ જી ૧ કિ.ગ્રા.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

સ.તત્વ / હે પ્રમાણે છોડની ફરતે રીંગ પધ્ધતિથી આપવું અને ૧૦ થી ૧૨ દિવસના અંતરે પાયરીપ્રોકઝીફેન ૧૦ ઈ.સી. ૬ મિ.લી. ૧૦ લીટર પાણીમાં અથવા થાયામેથોક્ઝામ ૨૫ ડબ્લ્યુજી ૪ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઓગાળીને વારાફરતી જરૂર પ્રમાણે છંટકાવ કરવા. શાકભાજી :

ગીર સાવજ એમ.ડી.પી. (રીંગણની ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ): ગીર સાવજ એમ. ડી.પી. પેસ્ટ ૬૫ ગ્રામ પ્રતિ વીઘા (એકસરખા ૧૬) ટપકા) અથવા ૪૦૦ ગ્રામ પ્રતિ હેક્ટર મુજબ (એકસરખા ૧૦૦૦ ટપકા) છોડના ઉપરના ભાગથી નીચે બે ડાળીની વચ્ચે ચણાની દાળ જેવડા ટપકા મુકવા. આ પેસ્ટનો ઉપયોગ કપાસની સીઝન દરમ્યાન ફૂલ અવસ્થાથી ૪૦ દિવસના અંતરે ત્રણ વાર કરવો

**બાગાયતી પાકો :- આંબો:**

● વાવાઝોડાથી મોર તથા નાના ફળ ખરી પડતા અટકાવવા તથા ગરમ લુ થી રક્ષણ મેળવવા પવન અવરોધક વાડ કરવી જરૂરી છે.નવી રોપેલ કલમોને પણ આરક્ષણ આપવું જરૂરી છે.

● પુખ્ત વયના ઝાડને પ્રતિવર્ષ૧૦૦ કિલો સેન્દ્રીય ખાતર આપવું અથવા લીલો પડવાશ કરવો.રસાયણિક ખાતરોમાં ચોમાસાની શરૂઆતમાં ઝાડદીઠ બે કિલો એમોનિયમ સલ્ફેટ, એક કિલો સુપર ફોસ્ફેટ અને ૧.૨૫કિલો મ્યુરેટઓફ પોટાશ આપવું તેમજ ફેબ્રુઆરીમાં ઝાડ દીઠ અઢી કિલો એમોનિયમ સલ્ફેટ અથવા તેનાથી અડધા પ્રમાણ યુરીયા આપી તરત જ પિયત આપવું. આંબાના પાકમાં કેરી વટાણા જેવડી થાય ત્યારથી પિયત આપવાનું ચાલુ કરવું, આમ છતાં કેરી ઉતારવાના પંદર દિવસ પહેલા પાણી બંધ કરવું જોઈએ.

● આંબામાં કેરી ફળના ખરણ અટકાવવા કેરી વટાણા જેવડી થાય ત્યારે બેગ્રામ નેપ્થીલીક એસીટીક એસીડ (એન.એ.એ.) તથા ૨ કિલો યુરીયાને૧૦૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો અને બીજો છંટકાવ ૧૫ દિવસ બાદ કરવો.

● માલફોર્મેશનવાળા પુષ્પ ગુચ્છો તોડીને નાશ કરવો તથા કાપેલા ઠુંઠા ઉપર કાર્બેન્ડીઝામ દવાનું પોતુ લગાડવું. આઉપરાંત ૧૦૦ લીટર પાણીમાં ૨૦ ગ્રામ એન.એ.એ.ઓગાળી ઝાડ ઉપર છંટકાવ કરવો.

● આંબામાં અનિયમિત ફળણ અટકાવવા માટે જે વર્ષે વધુ ફૂલ આવ્યા હોય, તે વર્ષમાં એપ્રિલ તથા મે માસમાં ૧૦ પી.પી.એમ. ઝીબ્રેલીક એસીડ ૨ ટકા યુરીયાના દ્રાવણનોછંટકાવ કરવો.આ ઉપરાંત જુલાઈ માસમાં મોટી ઉમરના ઝાડને પેકલોબ્યુટ્રાઝોલ૫ ગ્રામ,૧૪ થી૧૫ લી.પાણીમાં ભેળવી જમીનમાં ઝાડ ફરતે નાખવાથી વધુ અને નિયમિત ઉત્પાદન મળેલ છે.

● કેરી ઉતાર્યા પહેલા (૨૫-૩૦ દિવસ) પાણી બંધ કરી દેવું.

● બગીચામાં મધમાખીનો ઉછેર કરવાથી ફળણ ક્રિયામાં વધારો થાય છે.

● કાલવર્ણ રોગના નિયંત્રણ માટે કેરી વટાણા કદની થાય ત્યારે કાર્બેન્ડેઝીમ ૧૦ ગ્રામ દવા લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ● પુખ્ત વયના ઝાડ દીઠ બે કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ અથવા એક કિલોગ્રામ યુરીયા આપવું.

**બોર:**

● દેશી બોરડીની સુધારણા માટે શેઢાપાળા ઉપર દેશી બોરડીને જમીનથી બરાબર કાપી નાખવી.

નાળિયેરી:

● ૮ થી ૨૫ વર્ષની ઉમરની નાળિયેરીના બગીચામાં પિયત આંતરપાક તરીકે ફેબ્રુઆરી-માર્ચમાં આદુનું વાવેતર કરવું.

● દક્ષિણ સૌરાષ્ટ્રના નાળિયેરીનો પુખ્ત બગીચો (ડી× ટી) ધરાવતા ખેડૂતોએ પુષ્પગુચ્છ ઉપર સોડીયમ બોરેટ ૦.૪% (૪ ગ્રામ/લિ.)નો છંટકાવ એક મહિનાના અંતરે જાન્યુઆરી થી જૂન સુધી કરવાથી વધારે ઉત્પાદન અને ચોખો નફો મળે છે.

**કેળ:**

● કેળમાં ટપક પધ્ધતિ દ્વારા સુક્ષમ તત્વોનું મિશ્રણ (ગ્રેડ-૫) ૫૦ ગ્રામ પ્રતિ છોડ દીઠ સરખા હપ્તામાં રોપણી બાદ ૧૦ અને ૪૦ દિવસે જમીનમાં અપાવું.

**લીંબું : બળિયા ટપકાં**

● રોગિષ્ઠ ડાળીઓની છટણી કરી બાળીને નાશ કરવો.

● રોગિષ્ઠ ડાળીઓ કાપી લીધા બાદ કોપર ઓક્સિકલોરાઇડ ૫૦ વેપા ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઓગાળી ૧ ટકાના બોર્ડો મિશ્રણ સ્ટ્રેપ્ટોમાયસીન સલ્ફેટ (સ્ટ્રેપ્ટોસાયક્લીન) ગ્રામ ૧ + અથવા કોપર ઓક્સિક્લોરાઇડ ૫૦ વેપા ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

**પૌચા:**

● થડને કોહવારો ન લાગે તે રીતે ડબલ રીંગ કરી ૪ થી ૫ દિવસે પિયત આપવું. જમીનમાં

પોષ્કતત્વોની ખામી ઉભી થવાના કારણો

(૧) ઘનિષ્ઠ ખેતી પધ્ધતિ અપનાવવાથી

(૨) વધુ ઉત્પાદન આપતી સુધારેલ તેમજ શંકર જાતોનું વાવેતર વધવાથી

(૩) વધુ ટકાવાળા તેમજ શુધ્ધતાવાળા રાસાયણિક ખાતરોનો વધુ પડતો વપરાશ કરવાથી

(૪) ગંધક રહિત ખાતરો જેવા કે યુરીયા, ડીએપી અને મ્યુરેટ ઓફ પોટાશ ખાતરોનો વધુ પડતા ઉપયોગથી ગંધકની ખામી

(૫) દર વર્ષે એક જ પ્રકારના પાકનું વારંવાર વાવેતર કરવાથી

(૬) સેન્દ્રીય ખાતરો જેવા કે છાણિયું ખાતર, કમ્પોસ્ટ કે ખોળનો ઉપયોગ ઘટવાથી

● આ ઉપરાંત હલકા પ્રતવાળી, રેતાળ, ખડકાળ,પથ્થરાળ,ચૂનાયુકત, ઓછા નિતારવાળી સેન્દ્રીય તત્વનું પ્રમાણ ખુબજ ઓછું હોય, જમીન અતિશય ખારી કે ભાસ્મીક જમીન હોય તેવી જમીનોમાં સુક્ષમતત્વોની ખામી જોવા મળે ફુગ આધારિત કીટનાશક: બ્યુવેરીયા બેસીયાના (સફેદ રોગકારક ફુગ): આ ફુગ 'વ્હાઈટ મસ્કાર્ડીયન ફુગ' તરીકે પણ ઓળખાય છે. આ ફુગને પ્રયોગશાળામાં મોટા પાયા પર ઉછેરી શકાય છે અને તેથી વ્યાપારી ધોરણે તેનું ઉત્પાદન થઈ શકે છે. બજારમાં તે બાયોસોફ્ટ, બાયોગાર્ડ, લાર્વેસેલ, બાયોરીન, બાબા બેઝીના, બાયોકેર, બાયોપાવડર, ડિસ્પેલ, બીયુશક્તિ, ટોકિઝનકિઝન, બેવેરોઝ, દમણ વગેરે જેવા જુદા જુદા વ્યાપારી નામે મળે છે. આ ફુગ પાકને નુકસાન કરતી ચુસિયા પ્રકારની જીવાતો અને ઈયળોનું નિયંત્રણ કરે છે. આ ફુગ પાન વાળનાર, ઈયળ, ગાભમારાની ઈયળ, શેરડીના ફુદફુદીયા, મગફળીના સદેફ મુંડા, નાળિયેરીનું ગેંડા કીટક, હિરાફૂદાંની ઈયળ, કપાસની ગુલાબી ઈયળ, તમાકુ અને સૂર્યમુખીના પાન ખાનાર ઈયળ વગેરેનુ નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લી. દીઠ ઓછામાં ઓછા ૨ ટ ૧૦૮ જેટલા



સ્પોર હોવા જરૂરી છે. આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લી.

ફુગ જીવાતના શરીરમાં ખોરાક સાથે અથવા શરીરના સીધા સંપર્ક



પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવાથી જીવાતનું નિયંત્રણ

દ્વારા પ્રવેશ મેળવી, યજમાનની દેહગૃહામાં બીજાણું તેમજ



મેળવી શકાય છે.

મેટારીઝીયમ એનીસોપ્લી (લીલી રોગકારક ફુગ): આ ફુગ જીવાતના શરીરમાં પ્રવેશ મેળવી ડીસ્ટ્રકસીન નામનું ઝેર ઉત્પન્ન કરે છે જે ઘણા પ્રકારની જીવાતના નિયંત્રણમાં અગત્યનો ભાગ ભજવે છે. યજમાન શરીર પર લીલા રંગની ફુગનો ઉગાવો જોવા મળે છે અને આ રોગ પામેલ જીવાત અન્ય જીવાતના સંપર્કમાં આવતા તેને પણ રોગ થાય છે. આ જાતિની ફુગને પ્રયોગશાળામાં ઉછેરી શકાય છે અને તેથી વ્યાપારી ધોરણે તેનું ઉત્પાદન થાય છે. બજારમાં તે મેટાસોફ્ટ, બાયોમેટ, બાયોસ્ટોર્મ, બ્રિગેડ – એમ, બાયોમેજીક, મેટાકેર, કાલીચક્ર, બાયોકીંગ વગેરે વ્યાપારી નામે મળે છે. આ પ્રકારની ફુગ મગફળીના પાન ખાનાર ઈયળ, નાળિયેરીના ગેંડા કીટક, ચોખાના બદામી ચુસીયા, શેરડીના વેધકો, હીરાફુદાંની ઈયળ, ચુસીયા પ્રકારની જીવાત વગેરેનું નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લી. દીઠ ઓછામાં ઓછા ૨ ટ ૧૦૮ જેટલા સ્પોર હોવા જોઈએ. આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લી. ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.

વર્ટીસીલીયમ લેકાની : આ ઝેરી દ્રવ્યો ઉત્પન્ન કરે છે અને ચારથી પાંચ દિવસમાં જીવાત મૃત્યુ પામે છે. આ ફુગ મુખ્યત્વે મોલો મશી, સફેદમાખી, થ્રીપ્સ, ચીકટો, ભીંગળાવાળી જીવાત અને અન્ય ચુસીયા પ્રકારની જીવાતોનું નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લી. દીઠ ઓછામાં ઓછા ૨ ટ ૧૦૮ જેટલા સ્પોર હોવા જોઈએ. સામાન્ય રીતે આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લી. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.

**નોમુરિયા રીલે** : નોમુરીયા રીલે નામની ફુગ જીવાતના શરીરમાં પ્રવેશ મેળવી દેહગૃહામાં બીજાણુ તેમજ ઝેરી દ્રવ્યો ઉત્પન્ન કરે છે અને ચારથી પાંચ દિવસમાં જીવાત મૃત્યુ પામે છે. આ ફુગ સામાન્ય રીતે લશ્કરી ઈયળ, કાતરા, થડ કાપી ખાનાર ઈયળ, લીલી ઈયળ, તલના ભૂતિયા ફુદાની ઈયળ, દિવેલાની ઘોડીયા અને મકાઈની ગાભમારાની ઈયળમાં રોગ પેદા કરી નિયંત્રણ કરે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લી. દીઠ ઓછામાં ઓછા ૨ ટ ૧૦૮ જેટલા સ્પોર હોવા જોઈએ. આ જૈવિક ફુગનો ૪૦ ગ્રામ / મિ.લી. ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.

# "વગડાનું ફળ ગોરસ આંબલી"



હાલમાં, રાજ્યના લગભગ દરેક ચોક અને બજારમાં એક અલગ પ્રકારનું ફળ જોવા મળી રહ્યું છે. જેને જંગલ જલેબી અથવા ગોરસ આંબલી તરીકે ઓળખવામાં આવે છે.ગામ અને રસ્તાની બાજુએ અવારનવાર ગોરસ આંબલીના વૃક્ષો જોવા મળે છે. આ વગડાઉ વનસ્પતિ ના જલેબી જેવા ફળ "કાતરા" ના નામે ઓળખાય છે ગોરસ આ મલીનું વૃક્ષ લીમડાની જેમ વિશાળ અને નાના પાંદડાવાળું હોય છે. આ વૃક્ષનું ફળ આંબલી અને જલેબીની જેમ વાંકુચૂકું હોય છે જે સ્વાદમાં મીઠું હોય છે. આ ફળ પાક્યા પછી લાલ અને પીળા રંગનું થઈ જાય છે. મધ્યમ કદનું વૃક્ષ સદાપર્ણી હોય છે. પાંદડાં સંયુક્ત હોય છે. ફૂલો ગુચ્છામાં હોય છે. ફળ ગોળ જલેબી જેવાં હોય છે. અંદરના કાળા ઠળિયા ઉપર નરમ ગર હોય છે. લોકો તે ગર સ્વાદથી આરોગે છે.

ગુજરાતમાં ગોરસ આંબલી, વિલાયતી આંબલી, મીઠી આંબલી કે બખાઈ આંબલી તરીકે ઓળખાતું આ વૃક્ષ ઉત્તર પૂર્વિય રાજ્યો અને હિમાલયન ક્ષેત્ર સિવાય ભારતભરમાં સર્વત્ર થાય છે. ગુજરાતમાં તે દરેક વિસ્તારોમાં જોવા મળે છે અને સહેલાઈથી ઓછા પાણીએ પણ ઉછેરી શકાય છે.સૂકા વાતાવરણમાં સહેલાઈથી ઉછેરી શકાતા આ કાંટાળા વૃક્ષના આયુર્વેદિક ઉપયોગો ઘણા છે.ગોરસ આંબલીનું વૃક્ષ વર્ષમાં ફક્ત એક જ વખત એપ્રિલ અને મે મહિનામાં ફળ આપે છે, જેથી તેનો લાભ વર્ષમાં ફક્ત એક જ વખત લઈ શકાય છે.ગોરસ આંબલીમાં વિટામિન સી પ્રોટીન, કારબોહાઈડ્રેડ, કેલ્શિયમ, ફોસ્ફરસ, લોહતત્વ, થાઈમીન, રિબોફ્લેવિન જેવા ખનીજો અને વિટામિન સારા પ્રમાણમાં હોય છે. તેની છાલ, પાન અને ફળનો ઉપયોગ વિવિધ રોગોના ઉપચારમાં કરવામાં આવે છે. તેની છાલના ઉકાળાથી મરડોની બીમારી મટી જાય છે.

આયુર્વેદમાં આ વૃક્ષનું વિશેષ મહત્વ છે. આ વૃક્ષમાં પુષ્કળ ઔષધીય ગુણો છે. ગોરસ આંબલી ઘણી બીમારીઓને મટાડવામાં સક્ષમ છે. ગોરસ આંબલીની તાસીર ઠંડી હોય છે.ગોરસ આંબલીમાં રહેલું પોટેશિયમ હૃદય સંબંધિત રોગો જેવા કે હાર્ટ એટેક અને સ્ટ્રોકથી બચાવે છે. તેથી હૃદય સંબંધિત બીમારીમાં ગોરસ આંબલીનો ઉપયોગ કરવો જોઈએ. તેમાં રહેલું ફાઈબર પાચનશક્તિને મજબૂત બનાવે છે. આ ઉપરાંત તેમાં રહેલું આયર્ન લોહીની ઉણપને દૂર કરે છે.

શ્રીમતી હિનાબેન એમ. પટેલ, વિષય
નિષ્ણાત- હોમ સાયન્સ
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જી. પાટણ

આ ફળ ખાવામાં ખૂબ જ સ્વાદિષ્ટ છે અને સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે. જો કે, તેના વિશે બહુ ઓછા લોકો જાણે છે. ગોરસ આંબલીમાં વિટામિન સી ભરપૂર માત્રામાં હોય છે. તેના નિયમિત સેવનથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. તેને ઈમ્યુનિટી બૂસ્ટર પણ કહેવામાં આવે છે.

-મેક્સિકોમાં ગોરસ આંબલી દાંતના દુખાવોમાં પરંપરાગત દવા તરીકે વપરાય છે કેમકે તે નબળા પેઢાંને મજબૂત બનાવે છે. ગોરસઆંબલી મોઢાંના ચાંદાને તથા દાંતમાંથી આવતાં લોહીને પણ મટાડે છે .

-ઉનાળાની સિઝન માં ખાન-પાનને લીધે વારંવાર ઝાડા કે મરડો (આંકડી ઝાડા) ની તાસીર વાળા ને સિઝન માં રોજ સવારે ૧૦૦ ગ્રામ ગોરસઆંબલી નુ સેવન કરવુ જોઈએ.

૧. રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

૨. ટાઈપ-૨ ડાયાબિટીસ કન્ટ્રોલ કરે છે.

૩. હાડકા અને માંશપેશીઓ મજબુત બનાવે છે.

૪. કબજિયાતમાં રાહત આપી પાચનક્રિયા સુધારે છે.

૫. પાનનો રસ કાનના દુ:ખાવામાં રાહત આપે છે.

૬. બીજને પીસીને ઉકાળો બનાવી કોગળા કરવાથી દાંતના દુ:ખાવામાં ફાયદો થાય છે.

૭. છાલને પીસી તેનો ફેસપેક બનાવી ચહેરા પર લગાવવાથી ત્વચા ચમકદાર બને છે.

૮. પાન અને ફૂલનો ઉકાળો શ્વાસ અને અસ્થમાના રોગમાં રાહત આપે છે.

૯. છાલનો ઉકાળો પેશાબ સંબંધી સમસ્યાઓમાં રાહત આપે છે. પથરીની સમસ્યામાં રાહત આપે છે.

૧૦. પાનનો લેપ સાંધાના દુ:ખાવામાં રાહત આપે છે.

૧૧. ફળ ખાવાથી કેન્સરના કોષોની વૃધ્ધિ અટકે છે.

૧૨. વજન ઘટાડવામાં ઉપયોગી છે.

૧૩. મગજને ઠંડુ અને શાંત રાખવામાં મદદરૂપ છે.


ગોરસ આંબલીનું ફળ ખાટું-મીઠું હોય છે. આ ઉનાળુ ફળ ઘણીવાર બાળકો દ્વારા વાંસની લાંબી અને પાતળી લાકડી સાથે તોડી લેવામાં આવે છે. કારણ કે, તેના ઝાડ કાંટાવાળા હોય છે. આ ફળ ઝુંડમાં ઉગે છે અને ખૂબ જ સુંદર લાગે છે. આ વખતે જ્યારે તમે આ ફળ બજારમાં જોશો, તેનો સ્વાદ લો, તમને તે ખૂબ જ ગમશે.

**નોંધ : ઉત્તરમાં જણાવેલા આયુર્વેદિક ઉપયોગો નિષ્ણાંત વૈદ્યના માર્ગદર્શન અને સલાહ મુજબ કરવા હિતાવહ છે.**

# નેપાળમાં ભારતીય શ્રદ્ધાળુઓની બસ ખીણમાં ખાબકી: ૭ ના મોત

નવી દિલ્હી તા. ૧૫

નેપાળના ગંડકી પ્રાંતમાં ભારતીય યાત્રાળુઓને લઈ જતી એક પેસેન્જર બસ ઊંડી ખીણમાં પલટી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ કરુણ દુર્ઘટનામાં સાત ભારતીય નાગરિકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય સાત લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત શનિવારે ગોરખા જિલ્લામાં બન્યો હતો. ભારતીય શ્રદ્ધાળુઓ પ્રસિધ્ધ મનકામના મંદિરના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે ડ્રાઈવરે બસ




પરનો કાબૂ ગુમાવતા વાહન રસ્તા પરથી નીચે ખાડામાં ખાબક્યું હતું. મૃતકોમાં પાંચ પુરુષો અને બે મહિલાઓનો સમાવેશ થાય છે, જેમની ઓળખ મુથુ કુમાર (૫૮), અનામાલિક (૫૮), મીનાક્ષી (૫૯), શિવગામી (૫૩), વિજયલ (૫૭), મીના (૫૮) અને તમિલરાસી (૬૦) તરીકે કરવામાં આવી છે.ઘટનાની જાણ થતા જ સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસ દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. તમામ ઘાયલોને સારવાર માટે અંબુખૈરેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઈલેક્ટ્રિક બસનો ડ્રાઈવર અકસ્માતમાં બચી ગયો છે, જ્યારે તેનો સહાયક ઘાયલ થયો છે.

# ઉરીમાં ઘૂસણખોરીનું મોટું કાવતરું નિષ્ફળ: એક પાકિસ્તાની આતંકવાદી ઠાર, શસ્ત્રોનો જથ્થો જપ્ત

જમ્મુ તા. ૧૫

જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં ભારતીય સેના અને સ્થાનિક પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ઘૂસણખોરીનો મોટો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. નિયંત્રણ રેખા (LoC) નજીક બુચર વિસ્તારમાં સુરક્ષા દળોએ એક પાકિસ્તાની આતંકવાદીને ઠાર માર્યો છે. ભારતીય સેનાના જણાવ્યા અનુસાર, ઉરી સેક્ટરમાં આતંકવાદીઓની હિલચાલ અંગે વિશ્વસનીય ગુપ્ત માહિતી મળી હતી.



આ આધારે ૧૪-૧૫ માર્ચની રાત્રે સેના અને પોલીસે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ગાઢ જંગલમાં આતંકવાદીઓએ ઘેરાબંધી જોઈને અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો, જેના વળતા જવાબમાં સુરક્ષા દળોએ સચોટ હુમલો કરી એક આતંકવાદીને ઠાર કર્યો હતો. મૃતક આતંકવાદી પાસેથી એક પિસ્તોલ અને દારૂગોળો સહિત શસ્ત્રોનો મોટો જથ્થો મળી આવ્યો છે. વિસ્તારમાં હજુ પણ અન્ય આતંકવાદીઓ છુપાયેલા હોવાની શંકાએ ઓપરેશન ચાલુ રખાયું છે.

બીજી તરફ, સાંબા જિલ્લાના રામગઢ સેક્ટરમાં શનિવારે મોડી રાત્રે પાકિસ્તાની ડ્રોનની હિલચાલ જોવા મળી હતી. ડ્રોન દ્વારા હથિયારો કે નશીલા દ્રવ્યોના પેકેટ ફેંકવામાં આવ્યા હોવાની આશંકાએ કંદ્રાલ અને અબટાલ સહિતના સરહદી ગામોમાં વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

# બંગાળ ચૂંટણી પહેલા મમતાની મોટી જાહેરાત: પૂજારી-મુએઝીનોના વેતનમાં અને DAમાં વધારો

કોલકાતા, તા. ૧૫

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પૂર્વે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પૂજારીઓ અને મુએઝીનોના માનદ વેતનમાં દર મહિને રૂ.૫૦૦ નો વધારો કરીને તેને રૂ.૨,૦૦૦ કરવાની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પર તેમણે જણાવ્યું કે આધ્યાત્મિક વારસાના રક્ષકોના સમર્થન માટે આ પગલું લેવાયું છે. આ ઉપરાંત, રાજ્યના લાખો



કર્મચારીઓ અને પેન્શનરો માટે માર્ચ ૨૦૨૬ થી સુધારેલા નિયમો મુજબ મોંઘવારી ભથ્થા (DA) ની બાકી રકમ ચૂકવવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

# ગોંડલના શેમળા ફાટક પાસે યુવકનો ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત

ગોંડલ,તા.૧૫

ગોંડલના શેમળા ફાટક પાસે આજે સવારે એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જેમાં આશરે ૩૦ વર્ષના વિજયભાઈ પ્રેમજીભાઈ સોલંકી નામના યુવકે વેરાવળ-રાજકોટ લોકલ ટ્રેન નીચે ઝંપલાવી જીવન ટૂંકાવ્યું હતું.

મૃતક યુવક ગોંડલની કાપડની દુકાનમાં કામ કરતો હતો અને રવિવારની રજા



તસવીર : ભોજાણી દેવાંગ

હોવાથી મજૂરીકામે જવાનું કહી ઘરેથી નીકળ્યો હતો. પોલીસને મૃતકના ખિસ્સામાંથી મળેલી ચિઠ્ઠીમાં તેનું નામ અને બાઈક પાર્ક કર્યાની વિગતો મળી આવી હતી.

રેલવે તંત્રની બેદરકારી અને પરિવારમાં શોક આ અકસ્માત બાદ રેલવે તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. નિયમ મુજબ મૃતદેહને નજીકના પ્લેટફોર્મ પર ખસેડવાનો હોય છે, પરંતુ વિજયભાઈનો મૃતદેહ કલાકો સુધી ફાટક પાસે સ્ટ્રેચર પર પડી રહ્યો હતો. મૃતકને સંતાનમાં એક પુત્ર છે અને તેના પિતા રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. હાલ ગોંડલ તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આપઘાત પાછળના કારણો જાણવા તપાસ હાથ ધરી છે.

# તમિલનાડુ સરકારનો મોટો નિર્ણય: હોટલ-રેસ્ટોરાં માટે વીજળીમાં પ્રતિ યુનિટ રૂ. બે ની સબસિડી

ચેન્નાઈ,તા.૧૫

પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે વાણિજ્યક એલપીજીની સંભવિત અછતને ધ્યાનમાં રાખીને તમિલનાડુ સરકારે કેટરિંગ ક્ષેત્ર માટે મોટી જાહેરાત કરી છે. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને રેસ્ટોરાં, હોટલો અને ચાની દુકાનોને ગેસના બદલે ઈલેક્ટ્રિક સ્ટોવ વાપરવા પ્રોત્સાહિત કરવા વીજળી પર પ્રતિ યુનિટ રૂ.૨ ની સબસિડી આપવાનો નિર્ણય લીધો છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય નાના વ્યવસાયોને ઈંધણના વધતા ભાવો અને અનિશ્ચિતતાથી બચાવવાનો છે. અધિક મુખ્ય સચિવ જે. રાધાકૃષ્ણના જણાવ્યા મુજબ, જ્યાં સુધી વાણિજ્યક ગેસના ઉપયોગ પર નિયંત્રણો રહેશે ત્યાં સુધી આ સબસિડી ચાલુ રહેશે. આ પગલાથી પર્યાવરણને અનુકૂળ ઈલેક્ટ્રિક ઉપકરણોના વપરાશને પણ વેગ મળશે.

# લીલીયા તાલુકામા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે પંચાયત ભવન અને જળ સંચયના કામોનું ખાતમુહૂર્ત

લીલીયા,તા.૧૫

લીલીયા તાલુકાના વિવિધ ગામોમાં વિકાસકાર્યોનો પ્રારંભ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યો છે. તાલુકાના બવાડા અને ભેંસવડી ગામે અંદાજે રૂ. ૫૦ લાખના ખર્ચે નિર્માણ પામનાર નવીન ગ્રામ પંચાયત ભવનનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, જળ પ્રશ્નોના



નિરાકરણ માટે ગોઢાવદર અને પુંજાપાદર ગામે 'સુજલામ સુફલામ યોજના' અંતર્ગત તળાવો ઊંડા કરવાના જળ સંચયના કામોનો પણ શુભારંભ કરાવ્યો હતો. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝિંઝુવાડીયા,ભીખાભાઈ ધોરાજીયા, અરૂણભાઈ પટેલચતુરભાઈ કાકડીયા, કાનજીભાઈ નાકરાણી,રાશિભાઈ ડેર,વિજયભાઈ ગજેરા, ભરતભાઈ સહિત ના કાર્યકરો ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# ગોંડલના વોર્ડ નં. ૩ અને ૪માં રૂ. ૫.૯૫ કરોડના ખર્ચે ૨૧ નવા રોડના કામોનું ખાતમુહૂર્ત

ગોંડલ,તા.૧૫

ગોંડલ નગરપાલિકા દ્વારા શહેરના વોર્ડ નંબર ૩ અને ૪માં કરોડોના ખર્ચે નવા રોડ રસ્તાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. લોકસુવિધામાં વધારો કરવાના હેતુથી અંદાજે રૂ.૫,૯૫,૧૧,૮૦૬/- (પાંચ કરોડ પંચાણું લાખ) ના ખર્ચે ૨૧ જેટલા RCC, CC અને ડામર રોડના કામોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજા, અગ્રણી અશોકભાઈ પીપળીયા, નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી



અને શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક રહીશોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં વોર્ડ નં. ૩ ના સભ્યો હંસાબેન માધડ, સમજુબેન મકવાણા, રાજુભાઈ ધાના, ઋષિરાજસિંહ જાડેજા તેમજ વોર્ડ નં. ૪ ના સભ્યો ચંદુભાઈ ડાભી, વસંતબેન ટોળીયા, હાજરાબેન ચૌહાણ અને રમેશભાઈ સૌંદરવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ રાજેન્દ્રસિંહ જાડેજા, જગદીશભાઈ રામાણી અને નગરપાલિકા ઉપ પ્રમુખના પ્રતિનિધિ વૈભવભાઈ ગણાત્રા સહિતના આગેવાનો હતા.

# ગોંડલમાં લકઝરી બસ દ્વારા ટેક્સ ચોરીનું કૌભાંડ ઝડપાયું

ગોંડલ,તા.૧૫

ગોંડલમાં લકઝરી બસ દ્વારા ટેક્સ ચોરીનું કૌભાંડ ઝડપાયું છે. ગોંડલ બી-ડિવિઝન પોલીસે બાતમીના આધારે વોરાકોટડા રોડ પર ચેકિંગ દરમિયાન એક પેસેન્જર ટ્રાવેલ્સ બસને આંતરીને મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

સરકારી ટેક્સ, વીમો અને ફિટનેસના ખર્ચ બચાવવા માટે બસ પર બીજી બસની ખોટી નંબર પ્લેટ લગાવીને ફેરવવામાં આવતી હતી. 'પોકેટ કોપ' એપ દ્વારા એન્જિન અને ચેસીસ નંબર ચેક કરતા અસલી વિગતો સામે આવી. મોટા દડવા ગામના વિશાલપરી મહેશપરી ગોસાઈની અટકાયત કરવામાં આવી છે.




તસવીર : ભોજાણી દેવાંગ

સાથે અંદાજે રૂ. ૮,૦૦,૦૦૦ ની કિંમતની ૩૬ સીટર બસ પોલીસે કબજે કરી છે. આ ઈન્સ્પેક્ટર જે.પી. રાવ, એસ.વી. સાખટ, મદનસિંહ, શક્તિસિંહ, ઓમદેવસિંહ, સુરપાલસિંહ, વિપુલભાઈ, હિતેન્દ્રસિંહ, મહીપાલસિંહ અને નીમુબેન જોડાયા હતા.

# કોડીનારમાં જિલ્લાના કોચ, ટ્રેનર્સ અને ફિઝિયોથેરાપિસ્ટની વિશેષ તાલીમ યોજાઈ

કોડીનાર,તા.૧૫

કોડીનારમાં શનિવારે સોમનાથ એકેડેમી ખાતે ગુજરાતના સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ઓફિસર રાજેશ કર્નલની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લાના કોચીસ, ટ્રેનર્સ અને ફિઝિયોથેરાપિસ્ટને




તસવીર : ધર્મેશ પાઠક

વિશેષ સેમિનાર યોજી તાલીમ આપવામાં આવેલ. આ આયોજનમાં ડી એલ એસ એસ પ્રોજેક્ટ હેડ સમીરભાઈ જોશી, TSG પ્રોજેક્ટ મેનેજર જય પરીખ, પ્રોગ્રામ મેનેજર જીતસર સારુ, સોમનાથ એકેડેમીના પ્રમુખ કરશનભાઈ સોલંકી, જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજીભાઈ ભાલિયા ઉપસ્થિતિમાં આ સેમિનાર પૂર્ણ થયેલ.

# સુરતમાં નિલેશભાઈ કુંભાણી સાથે નિયંત્રિત બજાર સંઘના પ્રમુખ જીજ્ઞેશ પટેલની શુભેચ્છા મુલાકાત

રાજુલા, તા.૧૫

રાજુલા પંથકના અગ્રણી અને ઉદ્યોગપતિ નિલેશભાઈ કુંભાણીના સુરત સ્થિત કાર્યાલય ખાતે ગુજરાત નિયંત્રિત બજાર સંઘ, અમદાવાદના ચેરમેન જીજ્ઞેશભાઈ એમ. પટેલે સૌજન્ય મુલાકાત લીધી હતી. આ પ્રસંગે બંને આગેવાનો વચ્ચે સહકારી ક્ષેત્રના વિકાસ, ખેડૂતોના હિતો તથા સંસ્થાગત મજબૂતી અંગે



તસવીર : ગોપાલ રાઠોડ

રચનાત્મક ચર્ચા કરવામાં આવી હતી. નિલેશભાઈ કુંભાણીએ જણાવ્યું હતું કે જીજ્ઞેશભાઈ પટેલ સાથેની મુલાકાત હંમેશા ઊર્જા સભર અને સકારાત્મક અનુભવ રહે છે. તેમણે ભૂતકાળમાં રાજુલા માર્કેટિંગ યાર્ડ તથા રાજુલા તાલુકા સંઘના પ્રમુખ તરીકે ખૂબ જ નાની વયે પોતાની કાર્યક્ષમતા સાબિત કરી છે.

# ઉનામાં ગેસ સિલિન્ડરની અછતના કારણે ગ્રાહકોની લાંબી લાઈન લાગી

ઉના,તા.૧૫

ઈરાક-ઈઝરાયેલ યુધ્ધની વૈશ્વિક અસર હવે સ્થાનિક સ્તરે વર્તાવા લાગી છે. ઉના શહેરમાં ગેસ સિલિન્ડરના સપ્લાયમાં મોટો ઘટાડો થતાં સામાન્ય જનતા સહિત વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. વહેલી સવારથી જ લોકો કાળઝાળ ગરમીમાં સિલિન્ડર મેળવવા માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. ઉના શહેરમાં અગાઉ દરરોજ સરેરાશ ૫૨૫ સિલિન્ડરનો જથ્થો આવતો હતો. જોકે, હાલ કંપની તરફથી માત્ર ૩૪૨ સિલિન્ડર જ ફાળવવામાં આવી રહ્યા છે. આમ, દરરોજ ૧૮૩ સિલિન્ડરની ઘટ





તસવીર : કૈલાશ ભટ્ટ

પડતા વિતરણ વ્યવસ્થા ખોરવાઈ છે. ગેસ એજન્સીઓ પર ગ્રાહકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે, છતાં અનેક લોકોને ખાલી હાથે પરત ફરવું પડી રહ્યું છે. ઘરગથ્થુ ગેસની સાથે કોમર્શિયલ સિલિન્ડરનો સપ્લાય પણ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. આના કારણે હોટલ, રેસ્ટોરન્ટ અને લારી-ગલ્લા ચલાવતા નાના-મોટા ખાણી-પીણીના ધંધાર્થીઓની હાલત કફોડી બની છે. ઈંધણના અભાવે અનેક ધંધાર્થીઓને પોતાના વ્યવસાય ચલાવવામાં આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ ગંભીર પરિસ્થિતિ અંગે જ્યારે ઉનાના મામલતદાર અને પ્રાંત અધિકારીનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે મીડિયા સમક્ષ કોઈ પણ પ્રતિક્રિયા આપવાનો ઈનકાર કર્યો હતો.

# મોટા સરકડીયા ગામેથી ૫ લીટર દેશી દારૂ મળ્યો

ખાંભા, તા.૧૫

અમરેલી જિલ્લામાં દારૂ હેરાફેરી સતત વધારો થઈ રહ્યો છે ત્યારે પોલીસે અમરેલી જિલ્લાના ખાભાં તાલુકાના મોટા સરાકડીયા ગામેથી પોલીસે ૫ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. તેમજ બગસરામાંથી એક અને રાજુલામાંથી બે મળી કુલ ત્રણ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.


## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામા આવે છે.અમારા અસીલની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-લીલીયા, મોજે-લોકીના ખેડ ખાતા નં.૪૬૧ જેના રે.સર્વે નં.૨૮૦/ પૈકી ૧/ પૈકી તથા ૨૮૨ તથા ૨૮૩ તથા ૨૮૪ તથા ૨૮૫ જેનુ કુલ મળીને ક્ષેત્રફળ :-૬-૮૮-૯૬ હે. આરે. ચો.મી. (૧) ઘનશ્યામભાઈ વલ્લભભાઈ ભાલીયા,ના નામે ચાલે છે. જે જુની શરત ની છે.જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક,કબજેદાર અને ધારણ કર્તાના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક,હીત, હીસ્સો,લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટતથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોયઅગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭માં પુરાવા સહિત લેખિત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હક્ક હિત, હિસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાની કોઈપણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુ:-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા-૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો. ૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

નકલી દૂધ અમરેલી જિલ્લાના કયા કયા શહેરો કે ડેરીઓમાં સપ્લાય કરવામાં આવતું હતું? આ રેકેટમાં અન્ય કેટલા શખ્સો સામેલ છે? તેની સામે તપાસ શરૂ

# ખાંભામાં તેલ અને પાવડરથી બનતા નકલી દૂધના રેકેટનો પર્દાફાશ

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં જનઆરોગ્ય સાથે ગંભીર ચેડાં કરતા તત્વો સામે વહીવટી તંત્રએ લાલ આંખ કરી છે. ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામે રહેણાક મકાનોની આડમાં ચાલતા નકલી દૂધ બનાવવાના એક મોટા નેટવર્કને પોલીસે અને ફૂડ વિભાગે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ઝડપી પાડ્યું છે. મોડી રાત્રે પાડવામાં આવેલા દરોડામાં વનસ્પતિ તેલ અને કેમિકલયુક્ત પાવડરના મિશ્રણથી બનતા 'સફેદ ઝેર'નો મોટો જથ્થો મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.ખાંભા પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને લાંબા સમયથી બાતમી મળી રહી હતી કે ઈંગોરાળા ગામના કેટલાક મકાનોમાં દૂધના નામે જીવલેણ પ્રવાહી બનાવવામાં આવી રહ્યું છે. આ બાતમીને આધારે અધિકારીઓની ટીમે વ્યૂહાત્મક રીતે રાત્રિના સમયે દરોડા પાડ્યા હતા. જ્યારે પોલીસ મકાનમાં પ્રવેશી ત્યારે ત્યાં ચાલતી પ્રવૃત્તિ જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. શુધ્ધ દૂધના બદલે મશીનો અને કેમિકલ્સ દ્વારા કૃત્રિમ દૂધ તૈયાર કરવામાં આવી રહ્યું હતું. દરોડા દરમિયાન સ્થળ પરથી મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો ૨૨૦ લિટર તૈયાર નકલી દૂધ જે ગ્રાહકો સુધી પહોંચાડવા માટે તૈયાર રખાયું હતું. ૨૦૦ કિલો શંકાસ્પદ



પાવડર જેનો ઉપયોગ દૂધની ઘટ્ટતા અને સફેદ રંગ લાવવા થતો હતો. વનસ્પતિ તેલના ડબ્બા દૂધમાં ફેટનું પ્રમાણ બતાવવા માટે તેલનું મિશ્રણ કરવામાં આવતું હતું. લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ફૂડ વિભાગના અધિકારીઓએ જપ્ત કરેલા ૨૨૦ લિટર નકલી દૂધનો સ્થળ પર જ નિકાલ કરીને નાશ કર્યો હતો, જેથી તે બજારમાં પહોંચી ન શકે. તપાસમાં બહાર આવેલી વિગતો અત્યંત ચોંકાવનારી છે. આ ભેળસેળિયા તત્વો વનસ્પતિ તેલ, પાણી અને હાનિકારક સફેદ પાવડરનું એક ચોક્કસ મિશ્રણ તૈયાર કરતા હતા. આ મિશ્રણને એવી રીતે પ્રોસેસ કરવામાં આવતું હતું કે સામાન્ય માણસ તેને જોઈને કે ચાખીને અસલી અને નકલી દૂધ વચ્ચેનો તફાવત પારખી શકે નહીં. આ દૂધમાં કયા ઝેરી કેમિકલ્સ ઉમેરવામાં આવતા હતા, તેની સચોટ માહિતી મેળવવા માટે નમૂનાઓ લેવામાં આવ્યા છે અને તેને પરિક્ષણ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. ખાંભા પોલીસે હાલ આ મામલે જાણવાજોગ ફરિયાદ નોંધી છે.પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ નકલી દૂધ અમરેલી જિલ્લાના કયા કયા શહેરો કે ડેરીઓમાં સપ્લાય કરવામાં આવતું હતું? આ રેકેટમાં અન્ય કેટલા શખ્સો સામેલ છે? આ પાવડર અને કેમિકલનો જથ્થો ક્યાંથી મેળવવામાં આવતો હતો?આ દરોડા બાદ ખાંભા અને આસપાસના પંથકમાં દૂધના અન્ય વિક્રેતાઓ અને ભેળસેળ કરતા તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

# ભાવનગરમાં નશાકારક કફ સિરપની ૧૯૨૦ બોટલ ઝડપાઈ, એક શખ્સની ધરપકડ

ભાવનગર, તા. ૧૫

ભાવનગર શહેરમાં નશાકારક પદાર્થો વિરુધ્ધ પોલીસે લાલ આંખ કરી છે. શહેરની એસ.ઓ.જી. (SOG) શાખાએ બાતમીના આધારે ચિત્રા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં દરોડો પાડી પ્રતિબંધિત કોડેઈન ફોસ્ફેટ યુક્ત કફ સિરપનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસે પ્લોટ નંબર ૩૩૯/૧ પર આવેલી દુકાનમાં તપાસ કરતા કુલ ૧,૯૨૦ બોટલ મળી આવી હતી, જેની બજાર કિંમત આશરે રૂ.૩,૦૪,૧૨૮ આંકવામાં આવી છે. આ ગેરકાયદે વેપલા બદલ દેવરાજનગરમાં રહેતા ૫૦ વર્ષીય ભાવેશભાઈ અમૂલભાઈ દુધેલાની અટકાયત કરવામાં આવી છે. ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર નશાના હેતુથી વેચાતી આ સિરપ બાબતે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અમેરિકી એજન્સીનો ખુલાસો: ઈલેક્ટ્રિકલ નિષ્ફળતા ક્રેશનું મુખ્ય કારણ

અમદાવાદ, તા. ૧૫

જૂન ૨૦૨૫માં અમદાવાદમાં થયેલી ભયાનક વિમાન દુર્ઘટનામાં અમેરિકાની ઉડ્ડયન સુરક્ષા સંસ્થા 'એવિએશન સેફ્ટી ફાઉન્ડેશન' દ્વારા કરવામાં આવેલા ખુલાસાએ ખળભળાટ મચાવી દીધો છે. સંસ્થાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર એડ પિયર્સને તપાસકર્તાઓને મોકલેલા ઈમેલમાં દાવો કર્યો છે



કે, આ અકસ્માત પાછળ પાયલટની ભૂલ નહીં પરંતુ 'ઈલેક્ટ્રિકલ ફેલ્યોર' (વીજળીક ખામી) જવાબદાર હતી. પિયર્સને આરોપ લગાવ્યો છે કે બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર (રજિસ્ટ્રેશન VT-ANB) લાંબા સમયથી શોર્ટ સર્કિટ, ધુમાડો અને વાયરિંગની ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યું હતું. દસ્તાવેજો મુજબ, આ વિમાનને તાત્કાલિક ડિઝાઈન મોડિફિકેશનની જરૂર હોવા છતાં તેને અવગણવામાં આવ્યું હતું. વધુમાં, તેમણે એવો ગંભીર આરોપ પણ મૂક્યો છે કે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ જાણીજોઈને ટેકનિકલ ખામીઓ છુપાવી બધી જવાબદારી પાયલટ પર થોપી દીધી હતી.

# ગિરનાર અંબાજી મંદિર વિવાદ: દારૂ પાર્ટી કેસમાં ૨૬ શખ્સોને તંત્રનું તેડું

જૂનાગઢ, તા. ૧૫

ગિરનાર સ્થિત પવિત્ર અંબાજી મંદિરની ગરિમા લજવનાર દારૂ અને નોનવેજ પાર્ટીના વાયરલ વીડિયો મામલે તપાસનો ધમધમાટ તેજ થયો છે. રવિવારની રજા હોવા છતાં પ્રાંત અધિકારીએ પૂજારી, રસોયા અને PRO સહિત કુલ ૨૬ લોકોને પૂછપરછ માટે બોલાવ્યા હતા, જેમાંથી ૧૧ લોકોએ હાજર રહી પોતાના નિવેદન નોંધાવ્યા છે.બીજી તરફ વીડિયોમાં દેખાતા સગીરે મીડિયા સમક્ષ ખુલાસો કર્યો છે કે, દિવાળીના બેસતા વર્ષની સાંજે પૂજારી અભિષેકસિંહ ચૌહાણે તેને સોડામાં દારૂ ભેળવી પીવડાવ્યો હતો. સગીરના પરિવારે આક્ષેપ કર્યો છે કે ત્યાં ૭ થી ૮ લોકો હાજર હોવા છતાં માત્ર સગીરને જ નિશાન બનાવી વીડિયો વાયરલ કરી રાજકીય ષડયંત્ર રચાયું છે. હાલ વહીવટી તંત્ર પુરાવા એકત્રિત કરી રહ્યું છે અને રિપોર્ટ બાદ કડક કાર્યવાહીની ખાતરી આપી છે.

# ગુજરાત લોક અદાલતમાં એક જ દિવસમાં ૧૩.૯૮ લાખ કેસોનો નિકાલ

અમદાવાદ, તા. ૧૫

સામાન્ય નાગરિકોને કોર્ટના ખર્ચાળ ચક્કરમાંથી મુક્તિ અપાવવા માટે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ૧૪ માર્ચના રોજ વર્ષ ૨૦૨૬ની પ્રથમ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ અદાલતમાં



રેકોર્ડબ્રેક ૧૩,૯૮,૭૮૭ કેસોનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે. આ લોક અદાલતમાં પેન્ડિંગ અને પ્રિ-લિટિગેશન કેસો મળીને કુલ રૂ.૩૨૦૯.૮૦ કરોડના વળતરના હુકમો કરાયા હતા. વિશેષ બાબત એ રહી કે, છૂટાછેડાના આરે ઉભેલા ૩,૫૮૧ પરિવારોમાં સમાધાન કરાવી તેમનું ઘર ભંગાતા બચાવ્યું હતું. આ ઉપરાંત, ટ્રાફિકના ૬.૪૮ લાખ ઈ-ચલણના નિકાલ સાથે સરકારને રૂ.૫૦.૪૮ કરોડના દંડની વસૂલાત થઈ હતી. ૧૦ વર્ષથી વધુ જૂના ૭૬૪ જટિલ કેસોનો નિકાલ એ આ લોક અદાલતની મોટી સફળતા સાબિત થઈ છે.

# પંચમહાલમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રૂ.૭૩૨ કરોડના વિકાસકામોની ભેટ

ગોધરા/દાહોદ, તા. ૧૫

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પંચમહાલ જિલ્લાના સર્વાંગી ઉત્કર્ષ માટે રૂ.૭૩૨ કરોડથી વધુના ખર્ચે વિવિધ જનહિતલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ વિકાસકામોથી વિશેષ કરીને પંચમહાલની ગ્રામીણ જનતા અને ખેડૂતોના જીવનસ્તરમાં વ્યાપક સુધારો આવશે. જિલ્લાની ખેતી અને સિંચાઈની જરૂરિયાતોને ધ્યાને રાખી મુખ્યમંત્રીએ ઉદ્વહન સિંચાઈ યોજના પર વિશેષ ભાર મૂક્યો છે, જેનાથી છેવાડાના ખેતરો સુધી પાણી પહોંચશે અને ખેડૂતો આર્થિક રીતે સમૃદ્ધ બનશે. માળખાકીય સુવિધાઓની વાત કરીએ તો, 'મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના' હેઠળ ગામડાઓને તાલુકા મથકો સાથે જોડતા પાકા



રસ્તાઓનું નિર્માણ કરવામાં આવશે, જે શ્રમિકો, વિદ્યાર્થીઓ અને દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર છેવાડાના વિસ્તારોમાં પણ શહેરો જેવી પાયાની સુવિધાઓ પહોંચાડવા કટિબધ્ધ છે. રૂ.૭૩૨ કરોડના આ પેકેજમાં શિક્ષણ, આરોગ્ય અને પીવાના પાણીના પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં સ્થાનિક નેતાઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# જેતપુરમાં વર્ના કાર ડિવાઈડર સાથે અથડાતા ૨૦ વર્ષીય યુવકનું મોત

રાજકોટ/જેતપુર, તા. ૧૫

રાજકોટ-પોરબંદર હાઈવે પર પેઢલા ચોકડી પાસે ગત રાત્રિએ એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેતપુરથી ધોરાજી તરફ જઈ રહેલી કાળા કલરની નવી નક્કોર વર્ના કારના ચાલકે કાબૂ ગુમાવતા કાર ધડાકાભેર ડિવાઈડર સાથે અથડાઈ હતી. આ દુર્ઘટનામાં ૨૦ વર્ષીય અવધ અરવિંદ તિવારીનું ઘટનાસ્થળે



જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે તેના અન્ય બે મિત્રો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ચોંકાવનારી બાબત એ છે કે, અકસ્માતના ગણતરીના સમય પહેલાં જ યુવકોએ કાર ૧૧૮ કિમી/કલાકની ઝડપે ચલાવતો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કર્યો હતો. અકસ્માત એટલો ભીષણ હતો કે કારનું બોનેટ અને ટાયર ઉખડીને દૂર ફંગોળાયા હતા. જેતપુર ઉદ્યોગનગર પોલીસે ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડી અકસ્માતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# "ભાજપ સરકારે છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડી :જગદીશ વિશ્વકર્મા

વલસાડ તા. ૧૫,

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી વલસાડના ધરમપુર ખાતે ભાજપનું ભવ્ય કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે પ્રદેશ અગ્રણી જગદીશ વિશ્વકર્માએ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને 'મેરા બૂથ, મજબૂત બૂથ'નો મંત્ર આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૧ વર્ષમાં નલ સે જલ, ઉજ્જવલા અને જનધન જેવી યોજનાઓ દ્વારા છેવાડાના લોકો સુધી સુવિધાઓ પહોંચી છે. તેમણે જણાવ્યું કે, વિપક્ષના નેતાઓ માત્ર ચૂંટણી સમયે 'વરસાદી દેડકા'ની જેમ બહાર આવે છે અને તેમને જનતાના પ્રશ્નોમાં કોઈ રસ નથી. તેમણે અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે મોદી સરકારે ફાળવેલા ઐતિહાસિક બજેટની પણ પ્રશંસા કરી હતી.

# રાજકોટ AIIMS આત્મહત્યા કેસમાં પાંચ ઈન્ટર્ન તબીબોની ધરપકડ

રાજકોટ,તા.૧૫

રાજકોટ સ્થિત AIIMS હોસ્પિટલમાં MBBSના ઈન્ટર્ન તબીબ રતન મેઘવાલે કરેલી આત્મહત્યાના મામલે ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. મૃતક યુવાને પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં 'સુસાઈડ નોટ' લખી હતી, જેમાં પાંચ સહપાઠી મેડિકલ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા શારીરિક અને માનસિક ત્રાસનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ મામલે પોલીસે કાર્યવાહી કરી પાંચેય આરોપી તબીબોની ધરપકડ કરી તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. સુસાઈડ નોટમાં મૃતકે ઉલ્લેખ કર્યો છે કે, હું અને નિલમ પરિસ્થિતિનો શિકાર બન્યા છીએ, પ્રણવે ટેન્શનનો ફાયદો ઉઠાવી ગેમ રમી છે.











